# રાજકોટ મહાનગરપાલિકા

## ટેન્ડર નં.રામન/બાંધકામ(ઇ.ઝો.)/૨૩-૨૪/૭૫

## એ - ટેકનીકલ બીડ

**કામનું નામ**

**ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડની ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ની ગ્રાંટમાંથી જુદી જુદી જગ્યાએ સિમેંટ ના બાકડા નંગ ૧૫૦ મુકવાનું કામ (રીટેન્ડર)**

| | |
|---|---|
| **અંદાજીત રકમ: રૂ.૩,૧૧,૦૦૦/-** | **અર્નેસ્ટ મની ડીપોઝીટ: રૂ.૩,૧૧૦/-** |
| **ટેન્ડર ફી : રૂ.૭૫૦/-** | |

| મુખ્ય તારીખો | |
|---|---|
| ૧. ટેન્ડર મેળવવાની તારીખ | ૦૬/૧૨/૨૦૨૩ થી ૧૬/૧૨/૨૦૨૩ સુધી બપોરે ૧૩:૦૦ કલાક સુધી |
| ૨. ટેન્ડર ભરી પરત કરવાની છેલ્લી તારીખ | ૧૯/૧૨/૨૦૨૩ સાંજે ૧૮:૦૦ સુધી (ફક્ત સ્પીડ પોસ્ટ / રજી. પોસ્ટ મારફતે સ્વીકારવામાં આવશે) |
| ૩. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ૨૦/૧૨/૨૦૨૩ સવારે ૧૧:૦૦ પછી |
| ૪.ટેન્ડરમાં સબમિટ કરવામાં આવેલ તમામ ડોકયુમેન્ટના ઓરીજીનલ રૂબરૂમાં બતાવવાની તારીખ | ૨૦/૧૨/૨૦૨૩ સાંજે ૧૬:૦૦ થી ૧૮:૦૦ દરમ્યાન |
| ૫. પ્રાઇસ બીડ ખોલવાની તારિખ (જો શકય હશે તો) | ૨૧/૧૨/૨૦૨૩ સવારે ૧૧:૦૦ પછી |
| ૬. બીડ વેલીડીટી | ૧૮૦ દિવસ |
| ૭. કામની સમયમર્યાદા | ૪૫ દિવસ |

**સીટી એન્જીનીયર (સ્પે.)**
રાજકોટ મહાનગરપાલિકા (પૂર્વ ઝોન)
શ્રી ઝવેરચંદ મેઘાણી ભવન, રૂમ નં.૯,
ભાવનગર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૩

# રાજકોટ મહાનગરપાલિકા
## ટેન્ડર નોટીસ
## બાંધકામ શાખા – પૂર્વ ઝોન

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામે સરકારશ્રીના નિયમ મુજબ રજીસ્ટર્ડ થયેલ કક્ષા પ્રમાણેના અને નિયત સોલવન્સી સર્ટીફીકેટ તથા આ પ્રકારના કામનો અનુભવ ધરાવનાર કોન્ટ્રાકટરશ્રીઓના પર્સન્ટેઈજ રેઈટ ટેન્ડર સીટી એન્જીનીયર (સ્પે.), રાજકોટ મહાનગરપાલિકા, પૂર્વ ઝોન, શ્રી ઝવેરચંદ મેઘાણી ભવન, ભાવનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૩ ના સરનામે નીચે દર્શાવેલ મુદતમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

| ક્રમ | કામનું નામ | ૧. અંદાજીત રકમ<br>૨. ટેન્ડર ફી<br>૩. ઈ.એમ.ડી.<br>૪. કામની સમય મર્યાદા |
|---|---|---|
| ૧ | ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડની ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ની ગ્રાંટમાંથી જુદી જુદી જગ્યાએ સિમેંટ ના બાકડા નંગ ૧૫૦ મુકવાનું કામ (રીટેન્ડર) | ૧. ૩,૧૧,૦૦૦/-<br>૨. ૭૫૦/-<br>૩. ૩,૧૧૦/-<br>૪. ૪૫ દિવસ |

### ટેન્ડર માટેની અગત્યની તારીખો

| | | |
|---|---|---|
| ૧. | ટેન્ડર મેળવવાની તારીખ | ૦૬/૧૨/૨૦૨૩ થી ૧૬/૧૨/૨૦૨૩ સુધી બપોરે ૧૩:૦૦ કલાક સુધી |
| ૨. | ટેન્ડર ભરી પરત કરવાની છેલ્લી તારીખ | ૧૯/૧૨/૨૦૨૩ સાંજે ૧૮:૦૦ સુધી (ફક્ત સ્પીડ પોસ્ટ / રજી. પોસ્ટ મારફતે સ્વીકારવામાં આવશે) |
| ૩. | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ૨૦/૧૨/૨૦૨૩ સવારે ૧૧:૦૦ પછી |
| ૪. | ટેન્ડરમાં સબમિટ કરવામાં આવેલ તમામ ડોકયુમેન્ટના ઓરીજીનલ રૂબરૂમાં બતાવવાની તારીખ | ૨૦/૧૨/૨૦૨૩ સાંજે ૧૬:૦૦ થી ૧૮:૦૦ દરમ્યાન |
| ૫. | પ્રાઇસ બીડ ખોલવાની તારિખ (જો શકય હશે તો) | ૨૧/૧૨/૨૦૨૩ સવારે ૧૧:૦૦ પછી |
| ૬. | બીડ વેલીડીટી | ૧૮૦ દિવસ |
| ૭. | કામની સમયમર્યાદા | ૪૫ દિવસ |

## <u>ટેન્ડર કામ કરવા માટે જરૂરી લાયકાત:</u>

**૧. નાણાંકીય માપદંડ:**

- ✓ છેલ્લાં સાત વર્ષના વાર્ષિક ટર્નઓવરની સરેરાશ ટેન્ડરની રકમના ૫૦% કરતાં વધુ હોવી જોઇશે.
- ✓ વર્કિંગ કેપીટલ ટેન્ડરની રકમના ઓછામાં ઓછી ૨૫% હોવી જોઈએ તથા તે અંગેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવું ફરજીયાત છે.
- ✓ બીડર પાસે ઓછામાં ઓછુ "ઈ-૨" શ્રેણીનું રજીસ્ટ્રેશન હોવું જોઇશે.
- ✓ બીડરે રૂ! ૧.૦૦ લાખની સોલ્વન્સી રજુ કરવી જોઇશે.

**૨. અનુભવનો માપદંડ:**

- ✓ એજન્સીએ છેલ્લાં સાત વર્ષમાં આ પ્રકારનું ઓછામાં ઓછું એક કામ સરકારી, અર્ધ-સરકારી અંતર્ગત મુખ્ય એજન્સી તરીકે કરેલું હોવું જોઈશે
- ✓ એજન્સી પાસે કામ કરવા માટે પુરતા પ્રમાણમાં સાધનસામગ્રી તથા જરૂરી અનુભવી સ્ટાફ હોવો જોઈશે.

<u>**ખાસ નોંધ**</u>:

એજન્સીએ ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફ્ટ, ઈ.એમ.ડી. નો ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ અન્ય રજુ કરવાના થતા જરૂરી ડોકયુમેન્ટસ સાથે ઈ.એસ.આઈ.સી. **(Employees State Insurance Corporation)** રજીસ્ટ્રેશનની નકલ તેમજ ઈ.પી.એફ. **(Employees' Provident Fund)** રજીસ્ટ્રેશનની નકલ અત્રેની કચેરીને રજુ કરવાના રહેશે અન્યથા એજન્સીને નોનરીસ્પોન્સીવ ગણી; તેવી એજન્સીના ભાવ ખોલવામાં આવશે નહી.

<u>**સામાન્ય શરતો**</u>:

1. અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) એસ્ટીમેટની રકમના એક ટકા મુજબ ભરવાની રહેશે. ઈ.એમ.ડી. રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં કોઈ પણ શેડ્યુલ બેંક (કો-ઓપરેટીવ બેંક સિવાય) ના રાજકોટ પેયેબલ ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જ ભરી શકાશે.
2. સિક્યોરીટી ડીપોઝીટની રકમ કામના ૫% લેખે કરારનામું કરતી વખતે જમા કરવાની રહેશે.
3. જરૂરી લેબર લાયસન્સ / ઈ,પી.એફ. નંબર લેવાની જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરની રહેશે.
4. કોન્ટ્રક્ટરશ્રીઓએ ટેન્ડરના બંધ કવર ઉપર આ કામનું નામ સ્પષ્ટ અક્ષરે લખવાનું રહેશે.
5. આ કામના ટેન્ડર ડોકયુમેન્ટ ટેકનીકલ બીડ અને પ્રાઈસ બીડ) રાજકોટ મહાનગરપાલિકાની વેબ સાઈટ www.rmc.gov.in પરથી પણ ડાઉનલોડ કરી શકાશે અને ટેન્ડરમાં જણાવ્યા

મુજબની તારીખ સુધીમા ટેન્ડર સાથે જરૂરી દસ્તાવેજો ટેન્ડર ફી, ઈ એમ.ડી., આઈડેનટીટી પ્રૂફ, એડ્રેસ પ્રૂફ, પાન કાર્ડની પ્રમાણિત નકલ, વ્યવસાય વેરો ભર્યાની નકલ, સંપર્ક ફોન નંબર / મોબાઈલ નંબર વિગેરે એજન્સીએ રજુ કરી દેવાના રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાની વેબ સાઈટ www.mc.gov.in પરથી ટેન્ડર ડાઉનલોડ કરી રજૂ કરનાર એજન્સી પ્રિ-કવોલીફાય નહીં થાય તો તેવી એજન્સીના ભાવ ખોલવામાં આવશે નહીં. તેમજ તેઓએ ટેન્ડર સાથે ભરેલ ટેન્ડર ફી પરત કરવામાં આવશે નહિ. એનેક્ષર-૧માં દર્શાવેલ ફોર્મેટમાં વિગતો રજૂ કરવી ફરજીયાત છે.

6. ટેન્ડર કામની સમજુતી તથા અન્ય વિગતો ઓફીસ સમય દરમ્યાન બાંધકામ શાખા, પૂર્વ ઝોન) માંથી જાણવા મળી શકશે.

7. કોન્ટ્રાકટરશ્રીઓએ ટેન્ડરના બંધ કવર ઉપર કામનું નામ તથા વોર્ડ નંબર સ્પષ્ટ અક્ષરે લખવાનું રહેશે.

8. એજન્સીએ છેલ્લા સાત વર્ષના સમયગાળામાં સરકારી, અર્ધસરકારીમાં આ જ પ્રકારનું કોઇ પણ રકમનુ ઓછામાં ઓછું એક સરખા પ્રકારનું કામ મુખ્ય કોન્ટ્રાકટર તરીકે પૂર્ણ કરેલુ હોવુ જોઇએ તથા એજન્સી પાસે કામ કરવા માટે પુરતા પ્રમાણમા સાધન સામગ્રી તથા જરૂરી અનુભવી સ્ટાફ હોવો જોઇએ

   આ કામ બેરોજગાર ડિપ્લોમા / ડીગ્રી હોલ્ડરને કોઈ પણ ટર્નઓવર, અનુભવ કે સોલ્વન્સી વગર આપવામાં આવી શકાશે. પરંતુ તેઓ કોઈ પણ જગ્યાએ નોકરી કે ધંધો નથી કરતા તે અંગેનો રૂ! ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર "સોગંદનામું" રજુ કરવાનું રહેશે. ઉપરાંત નીચે જણાવ્યા મુજબના જરૂરી દસ્તાવેજોની "ખરી નકલ" ટેન્ડર સાથે રજુ કરવાના રહેશે.

   - ✓ રાજ્ય સરકાર / કેન્દ્ર સરકાર /જી.ડબલ્યુ.એસ.એસ.બી.માં રજીસ્ટ્રેશન કરાવ્યાની નકલ
   - ✓ ડિપ્લોમા / ડીગ્રી સર્ટીફીકેટની નકલ

   ઉપરોક્ત તમામ દસ્તાવેજો અસલ વેરીફીકેશન સમયે રજુ કરવાના રહેશે અન્યથા નોન-રેસ્પોન્સીવ ગણવામાં આવશે.

9. ટેન્ડર ખરીદવાની માગણી સાથે એજન્સીએ જરૂરી તમામ દસ્તાવેજોની નકલો રજૂ કરવાની રહેશે જેને આધારે પ્રી-કવોલીફાય થનાર એજન્સીને જ ટેન્ડર કોપી ઇસ્યુ કરવામાં આવશે.

10. એજન્સીએ ટેન્ડર સાથે પોતાના બીઝનેશ એડ્રેસ પ્રૂફ તથા પોતાનો આઇ.ડી ચૂક રજુ કરવાનુ રહેશે.
11. આ કામે પેનલ્ટી કોંટ્રાકટ વેલ્યુના ૦.૧૦ % મુજબ પ્રતિ દિન રહેશે જે વધુમાં વધુ અંદાજીત કિંમતના ૧૦% સુધી કાપવામાં આવશે.
12. એજન્સીએ જી.એસ.ટી.(GST) તથા અન્ય ટેકસ સહિત પોતાના ભાવ ભરવાના રહેશે, કોન્સ્ટ્રકટર દ્વારા તે મુજબ જી.એસ.ટી. બ્રેક-અપ સાથેનુ ઈન્વોઈસ રજુ કરવામાં નહીં આવે તો સદરહુ ટેકસ કોન્ટ્રાકટરના બીલમાંથી કપાત કરી જમા કરવામાં આવશે.
13. આ ટેન્ડર કામે ખરીદવાનું થતુ મટીરીયલ એજન્સીએ જી.એસ.ટી. (GST) નંબર ધરાવતા હોય તેવા રજીસ્ટર્ડ સપ્લાયર પાસેથી જ મટીરીયલ ખરીદ કરવાનું રહેશે, જી.એસ.ટી. (GST) નંબર ન ધરાવતા હોય તેવા અનરજીસ્ટર્ડ સપ્લાયર પાસેથી મટીરીયલ ખરીદ કરવામાં આવશે તો તેવા મટીરીયલ માટેનું જી.એસ.ટી. (GST) અંગે કોઈ પણ પ્રકારનું પેમેન્ટ / રકમ ચુકવવા રાજકોટ મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહીં.
14. એજન્સીએ ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફ્ટ, ઈ.એમ.ડી. નો ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ અન્ય રજુ કરવાના થતા જરૂરી ડોકયુમેન્ટસ સાથે ઈ.એસ.આઈ.સી. રજીસ્ટ્રેશનની નકલ તેમજ ઈ.પી.એફ. રજીસ્ટ્રેશનની નકલ અત્રેની કચેરીને રજુ કરવાના રહેશે અન્યથા એજન્સીને નોન-રિસ્પોન્સિવ ગણી એવી એજન્સીના ભાવ ખોલવામાં આવશે નહીં.
15. એજન્સી કોઈ પણ જગ્યાએ બ્લેક લીસ્ટ થયેલ નથી તથા કોઈ પોલિસ ફરિયાદ થયેલ નથી તે અંગેનું રૂ! ૩૦૦/- નું નોટરાઈઝ્ડ સોગંધનામું રજુ કરવાનું રહેશે.
16. ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવેલ તમામ શરતો ધ્યાને લઇ ઓફર આપવાની રહેશે.
17. આ કામે આવેલ કોઈપણ ટેન્ડર કે બધા ટેન્ડરનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો હક રાજકોટ મહાનગરપાલિકા અબાધિત રાખે છે.
18. ઉપરોક્ત કામના કોઈ પણ અથવા બધા ટેન્ડરો કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય મંજુર અથવા ના-મંજુર કરવાનો અધિકાર નીચે સહી કરનાર દ્વારા અબાધિત રાખવામાં આવે છે.

સીટી એન્જીનીયર

(સ્પે.)

# -:: ટેન્ડર રજુ કરવા બાબતની સમજુતી ::-

૧. ટેકનીકલ બીડ તથા પ્રાઇસ બીડ અલગ-અલગ કવરમાં બંધ કરવાના રહેશે અને કવર ઉપર કામનું નામ તથા "ટેકનીકલ બીડ" / "પ્રાઇસ બીડ" મોટા અક્ષરે આ ટેન્ડર સાથે છેલ્લા પાના પર લખાયેલ સ્ટીકર ચોટાડવાનું રહેશે.

૨. ઉપરોક્ત બન્ને કવર - એક મોટા કવરમાં બંધ કરી; ઉપર કામનું નામ તથા સંપૂર્ણ વિગતો દર્શાવી રજુ કરવાનું રહેશે.

૩. નિયત સમયે "ટેકનીકલ બીડ" ખોલવામાં આવશે અને "ટેકનીકલ બીડ" માં રજુ થયેલ યોગ્ય શ્રેણીના રજીસ્ટ્રેશન, અનુભવની વિગત, અર્નેસ્ટ મની ડીપોઝીટ, સોલવન્સી વિગેરેની ચકાસણી કરવામાં આવશે. જે અન્વયે યોગ્યતા ધરાવનાર એજન્સીની જ "પ્રાઇસ બીડ" ખોલવામાં આવશે. અન્ય એજન્સીઓની "પ્રાઇસ બીડ" ખોલવામાં આવશે નહી, જે તમામ એજન્સીઓને બંધનકર્તા રહેશે.

**કોન્ટ્રાક્ટરની સહી તથા સિક્કો**

# -:: ચેક લીસ્ટ ::-

૧. સરકારી, અર્ધ-સરકારી વિભાગમાં રજીસ્ટ્રેશન કરાવ્યાની નકલ.
૨. છેલ્લા સાત નાણાંકીય વર્ષ દરમ્યાન સમાન પ્રકારના કરેલ કામના અનુભવના દાખલાની નકલ. બેરોજગાર ઈજનેર માટે અનુભવ જરૂરી નથી પરંતુ રૂ!૩૦૦/- નું નોટરાઈઝડ સોગંધનામું કે તેનો બેરોજગાર છે અને ક્યાય પણ નોકરી કે કોઈ ધંધો કરતાં નથી.
૩. કામની રકમના ૨૫% મુજબ વર્કિંગ કેપિટલ હોવા અંગેનો આધાર
૪. રૂ! ૧.૦૦ લાખની રકમ સોલવન્સી સર્ટીફીકેટ.
૫. રૂ! ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર બ્લેક લીસ્ટ થયેલ નથી તથા ડોક્યુમેન્ટની ખરી તેમજ કોઈ પોલિસ ફરિયાદ થયેલ નથી તે અંગેનું સોગંધનામું રજુ કરવાનું રહેશે.
૬. અર્નેસ્ટ મની ડીપોઝીટ (સહકારી બેંક સિવાય): રૂ! **૩,૧૧૦/-**

બેંકનું નામ તથા વિગત

.........................................................................

.........................................................................

કોન્ટ્રાક્ટરનું નામ : .........................................................................

સરનામું : .........................................................................

.........................................................................

.........................................................................

ઉપરોક્ત વિગતે જરૂરી તમામ ડોક્યુમેન્ટ રજુ કરેલ છે.

**કોન્ટ્રાક્ટરની સહી તથા સિક્કો**

# -:: શરતો અને બોલીઓ ::-

૧. ટેન્ડર ભરતી વખતે નીચેની વિગતો ધ્યાનમાં રાખવી:

અ. ટકા(%) કે રકમ આકડા તેમજ શબ્દોમાં સ્પષ્ટ લખવી.

બ. પેઢી કે ભાગીદાર વતી સહી કરનારે તે જ પ્રમાણે સહી કરવી.

ક. નિયત થયેલ જગ્યાએ નિયત થયેલ વિગતો જ લખવી.

ડ. છેકછાકવાળું ટેન્ડર રદ કરવામાં આવશે.

ઈ. શરતો, એબ્સ્ટ્રેકટ તથા સમજુતીમાં દરેક પાને સહી કરવી.

એફ. અર્નેસ્ટ મની ભર્યાનો દાખલો ટેન્ડરના કવર ઉપર પહોચ નંબરથી લખવો. અસલ પહોચ ટેન્ડર સાથે રાખવી.

૨. કામ પુરા ખંતથી કરવું જોઈશે અને કરેલું સઘળું કામ કારીગરની રીતે કરેલું હોવું જોઈએ. ટેન્ડર રજુ કરનાર કામમાં જે માલ સામાન વાપરે તે ઉત્તમ પ્રકારનો હોવો જોઈએ અને સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી એ પસંદ કરેલો હોવો જોઈએ. કામ કેટલી ત્વરાથી ચલાવવું તે બાબત તથા કામ અથવા તેમાં વપરાતો માલ સમાન કેવા પ્રકારનો છે તે બાબત સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી જે નિર્ણય કરે તે આખરનો સમજવો જોઈશે. કામની ઝડપ અને તેની ગતી વધારવા સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી નો નિર્ણય આખરી સમજવાનો રહેશે તથા લેખિત તેમજ મૌખિક સુચના તેમજ નોટીસ આપવા છતાં પણ કામની ગતી કે ઝડપ વધારવામાં નહી આવે તો માન. કમિશ્નર સાહેબને કોન્ટ્રાક્ટ રદ કરવાનો અધિકાર રહેશે.

૩. સઘળી ખાણોની ફી, રોયલ્ટી, સિક્યોરીટી ડીપોઝીટ અને સમાન ભરી રાખવા માટે કોઈ જમીનનું ભાડું આપવાનું હોય તો તે કોન્ટ્રાક્ટરે આપવાનું રહેશે.

૪. કોન્ટ્રાક્ટર પોતાના કામદારોને થયેલ ઈજા માટે તથા તેને કોઈ બદલો આપવો પડે તો તે માટે તમામ રીતે જવાબદાર કોન્ટ્રાક્ટર રહેશે. કામદારોને થયેલ ઈજા માટે યોગ્ય બદલો આપવામાં જો કોન્ટ્રાક્ટર નિષ્ફળ નીવડે અને કામ કરતા કામદારોને તેનો બદલો રાજકોટ મહાનગરપાલિકા તરફથી આપવામાં આવે તો તેવી આપેલી રકમ ટેન્ડર ભરનાર આપવા જોગ થયેલ રકમમાંથી અથવા આપવાના થાય તે રકમમાંથી કાપી લેવા રાજકોટ મહાનગરપાલિકા મુખત્યાર છે.

૫. આમાં કબુલ કરેલી તેવી કામની જુદી-જુદી બાબતો માટેનો દરજ્જો તે બાબતો મંજુર કરેલી સમજુતી અનુસાર પૂરી કરવામાં આવી છે એમ સ્વીકારવામાં આવે તો જ કાયદેસર ગણાશે. જે તે પ્રસંગે કામની સદરહુ બાબતો એવી રીતે પૂરી કરી છે એમ સ્વીકારવામાં નહી આવે તે પ્રસંગે સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી છેવટના બીલો તૈયાર કરતી વખતે વ્યાજબી લાગે તેવા ઘટાડાના દરથી બીલો કરવા મુખત્યાર છે.

૬. કોન્ટ્રાક્ટરે નીચે જણાવ્યા મુજબના કોઈને કામે રાખવા નહી:
અ. ૧૮ વર્ષથી ઓછી ઉમર હોય, કે
બ. કામ ઉપર જેને સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી એ મનાઈ કરેલ હોય

૭. વર્ક ઓર્ડર મળ્યે તુર્ત જ કામ ચાલુ કરવાનું છે. ઓર્ડરમાં જણાવેલ ૪૫ દિવસની મુદત દરમ્યાન કામગીરી કરવાની છે. જો મુદત દરમ્યાન સુચના પ્રમાણે કામ કરવામાં નહી આવે તો માન. કમિશ્નર સાહેબને યોગ્ય લાગશે તો કોન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે અન્ય કોન્ટ્રાક્ટર પાસે અગર તો ખાતા મારફત કામ પુરુ કરાવશે અને આમ બાકી રહેતું કામ પુરુ કરવામાં રાજકોટ મહાનગરપાલિકાને કોન્ટ્રાક્ટ એગ્રીમેન્ટ કરતા જો વધુ ખર્ચ થશે તો તે કોન્ટ્રાક્ટર પાસેથી કાયદેસર રીતે આ વધારાનો ખર્ચ વસુલ કરી શકશે. માન.કમિશ્નર સાહેબને જો યોગ્ય લાગશે તો મુદત દરમ્યાન કામ પુરુ નહી થયું હોય છતાં પણ કોન્ટ્રાક્ટર પાસે કામ ચાલુ રખાવી શકાશે અને તેની મુદત સંજોગોને લક્ષમાં રાખીને વધારી આપશે. આ કામ નિયત સમય મર્યાદામાં પૂર્ણ ન થયેથી વધારાના દરેક દિવસની પેનલ્ટી ફી ટેન્ડરની રકમના ૦.૧૦% મુજબની રહેશે.

૮. ટેન્ડરની વેલીડીટી ૧૮૦ દિવસની રહેશે.

૯. કામ કરતા માલ સમાન નડતરરૂપ ન થાય તે રીતે કરવાનું છે.

૧૦. એજન્સી દ્વારા રજુ કરવામાં આવેલ ભાવ અત્રેથી સ્વીકાર્યા બાદ સદરહુ કામે કરાર કરવા જણાવવામાં આવ્યેથી દિન-૮ માં સિક્યુરિટી ડિપોઝિટ જમા કરાવી સ્ટેમ્પ ડ્યુટી એક્ટ,૧૯૫૮ અને તેના વખતો-વખતના સુધારા મુજબ જરૂરી સ્ટેમ્પ ડ્યુટી ભરી કરારનામું કરવાનું રહેશે. જેમાં નિષ્ફળ ગયેથી ભરવામાં આવેલ અર્નેસ્ટ મની ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે અને એજન્સીને રાજકોટ મહાનગરપાલિકાના કામો માટે ત્રણ વર્ષ માટે બ્લેકલિસ્ટ અથવા ડીબાર કરવામાં આવશે.

૧૧. સિક્યોરીટી ડીપોઝીટ તરીકે ભરેલ રકમ કામ પૂરું થઈ ગયા બાદ ૧૨ (બાર) માસ પછી કે કોન્ટ્રાક્ટરને ફાઈનલ બિલ મળ્યા બાદ એ બે માંથી જે મોડું હશે તે પછી આપવામાં આવશે. પરંતુ તે સમય દરમ્યાન કોઈ કામ ખરાબ થયેલ અથવા નુકશાન પામેલ માલુમ પડશે તો તે કામ કોન્ટ્રાક્ટરે દુરસ્ત કરી આપવાનું રહેશે અને જો તેમ કરવામાં નાકામિયાબ નીવડશે તો દુરસ્તી તેને ખર્ચે અને જોખમે રાજકોટ મહાનગરપાલિકા તરફથી કરાવી લેવામાં આવશે અને તે પૈકીનો થયેલ ખર્ચ સિક્યોરીટી ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે.

૧૨. કામ ઉપર કોન્ટ્રાક્ટરે પોતે અથવા તેના વતી કોઈ જવાબદાર માણસને હાજર રાખવાનો રહેશે.

૧૩. કામ પૂરું થઇ ગયા બાદ સાઈટ બરાબર સાફ કરી આપવાની રહેશે અને જો તેમ કરવામાં કોન્ટ્રાક્ટર નાકામિયાબ નીવડશે તો તેને ખર્ચે અને જોખમે રાજકોટ મહાનગરપાલિકા તરફથી સાઈટ સાફ કરાવી લેવામાં આવશે.

૧૪. રસ્તો બંધ કરવા માટે દિવસના ભાગમાં સુચનાના બોર્ડ તથા રાત્રે યોગ્ય બત્તીની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરે કરવાની રહેશે. તેના અભાવે થતી નુકશાનીની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

૧૫. વર્ક ઓર્ડર આપ્યા બાદ ચાલુ કામે અન્ય આસામીઓની મિલકતને અગર જાનમાલને કોઇપણ નુકશાન થશે તો તેની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે અને તે માટે કોઇપણ વળતરની રકમ ચુકવવાની થાય તો તે કોન્ટ્રાક્ટરે ભરી આપવાની રહેશે. જો કોન્ટ્રાક્ટર અમલ ન કરે તો તેવા વળતર વિગેરેની રકમ તેના બીલોમાંથી કપાત કરવામાં આવશે.

૧૬. કોઇ પણ કારણોસર કોન્ટ્રાક્ટર ટેન્ડરમાં દર્શાવેલ કામ કરવા અશક્તિમાન થશે તો રાજકોટ મહાનગરપાલિકા તેના ખર્ચે અને જોખમે આ કામ પૂરું કરાવશે અને આમ કરતા ટેન્ડરમાં જણાવેલ ભાવ કરતા વધારે ખર્ચ થશે તો રાજકોટ મહાનગરપાલિકા કોન્ટ્રાક્ટરની સિક્યોરીટી ડીપોઝીટમાંથી કે સાઈટ ઉપર પડેલા માલ સામાનની હરરાજી કરી કે બિલમાંથી વસુલ કરી શકશે અને તેમ કરતા કોન્ટ્રાક્ટરનો કોઈપણ વાંધો કે હક્ક રહેશે નહી.

૧૭. આ કામનો કોઈ પણ ભાગ સંતોષકારક રીતે કોન્ટ્રાક્ટર નહી કરે તો રાજકોટ મહાનગરપાલિકા ના ઈજનેર તેઓને ૧૦ દિવસની નોટીસ કામ સુધારવા આપશે. મુદત વિત્યા બાદ રાજકોટ મહાનગરપાલિકાના ઈજનેર કોન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે માણસો રાખી તેમજ માલ સમાન ખરીદી કામ કરવાની કાર્યવાહી કરશે અને કોન્ટ્રાક્ટર પાસેથી ખર્ચ વસુલી શકશે. આ કામ સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી બીજા કોન્ટ્રાક્ટર પાસે પણ કરાવી શકશે.

૧૮. વર્ક ઓર્ડરમાં જણાવ્યાની તારીખે કામ પૂરું કરવામાં કોન્ટ્રાક્ટર નિષ્ફળ જશે તો અગાઉ કલમ-૭ માં જણાવ્યા પ્રમાણે પેનલ્ટી વસુલ લેવામાં આવશે. જો રાજકોટ મહાનગરપાલિકા ને કારણે સંજોગો અનુસાર કામ બંધ રહે તો જેટલા દિવસ કામ બંધ રહે તેટલા દિવસની મુદત આપવામાં આવશે અથવા તો કોઈ સબળ કારણસર કામ બંધ રહે તેની જાણ કોન્ટ્રાક્ટરે રાજકોટ મહાનગરપાલિકા ઈજનેરને જ કરવાની રહે છે અને જો કારણ વ્યાજબી લાગશે તો વધારાની મુદત માટે માન. કમિશ્નર સાહેબ વિચારશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૧૯. આ કામ ચાલુ થયે વચ્ચેના ગાળાની સંતોષકારક પ્રગતી હશે તો જરૂર જણાયે ઓછામાં ઓછા એક માસ પછી કોન્ટ્રાક્ટરને થયેલ કામનું રનીંગ બિલ આપવામાં આવશે. આ રનીંગ બિલ થયેલ કામ પ્રમાણે અને ફાઈનલ બીલના "ઉપાડ" એડવાન્સ તરીકે આપવામાં આવશે. રનીંગ બીલમાં લીધેલ કામનો જથ્થો કે કામની વિગતનું આખરી સ્વરૂપ બિલ વખતે નક્કી થાય તે રીતે રહેશે. રનીંગ બિલ આકરવામાં; આવેલ બીલની વિગત બધી જ ફાઈનલ બીલમાં હોવી જરૂરી નથી.

૨૦. કોન્ટ્રાક્ટરે આ કામમાં કોઈ પણ આઇટમ સંતોષકારક રીતે સ્પેસીફીકેશન મુજબ નહી કરી હોય તો રાજકોટ મહાનગરપાલિકા ને લાગે તે "ભાવ ઘટાડો" (રીડ્યુઝ રેઈટ) કરી શકશે અને તે કોન્ટ્રાક્ટરે માન્ય રાખવાનો રહેશે.

૨૧. આ કામમાં રાજકોટ મહાનગરપાલિકા ના ઈજનેર ટેન્ડરમાં જણાવ્યા મુજબના સ્પેસીફીકેશન કે ડ્રોઈંગ કે ડીઝાઈનમાં ફેરફાર કરી શકશે એટલે કે મૂળ સ્પેસીફીકેશનમાં જણાવ્યા મુજબના કામમાં ઘટાડો કરવો કે વધારો કે તદન નવું કામ કરાવી શકશે અને કોન્ટ્રાક્ટરે ટેન્ડરની મૂળ શરતોને કાયમ રાખી તે મુજબ કામ કરી આપવાનું છે. આ ફેરફારને કારણે રાજકોટ મહાનગરપાલિકા સાથે થયેલ કરાર રદ થઇ શકશે નહી.

(અ) આ વધારાના ઉપર મુજબના કામમાં જો એક્સ્ટ્રા આઇટમ થઇ અને આઇટમ ટેન્ડરમાં જણાવેલ હશે તો તે મુજબ ભાવ આપવામાં આવશે.

(બ) જો એક્સ્ટ્રા આઇટમ ટેન્ડરમાં નહી હોય પરંતુ રાજકોટ મહાનગરપાલિકા નો જે તે વખતનાં શેડ્યુલ ઓફ રેઈટ (SOR) હશે તો તે મુજબ ભાવ આપવામાં આવશે. આ વખતે જો ટેન્ડર ઉચા ભાવનું હશે તો વધારાના ટકા આપવામાં આવશે નહી પરંતુ જો ટેન્ડર નીચા ભાવનું હશે તો આવી આઇટમોમાંથી કોન્ટ્રાક્ટરે ભરેલ નીચા ટકા બાદ કરવામાં આવશે.

(ક) એક્સ્ટ્રા આઇટમ ટેન્ડરમાં કે રાજકોટ મહાનગરપાલિકા ના જે તે વખતમાં શેડ્યુલ ઓફ રેઈટસ (SOR) માં નહી હોય તેવી આઇટમનો વ્યાજબી ભાવ સમજુતીથી નક્કી કરશે અને જે ભાવ માન. કમિશ્નર સાહેબ ની મંજુરી આપ્યે આપી શકાશે. આવી આઇટમોના ભાવ ઉપર કોન્ટ્રાક્ટરે ટેન્ડરમાં જણાવેલ વધારે કે ઓછા ટકાની અસર થશે નહી.

(ડ) આ મૂળ જથ્થામાં કે ડ્રોઈંગ સ્પેસીફીકેશનમાં કરવો પડતો ફેરફાર કોન્ટ્રાક્ટરે કબુલ રાખવાનો રહેશે અને આમ કરવાને કારણે મજુરી કે માલ સામાનનો ભાવ વધારો થશે તો રાજકોટ મહાનગરપાલિકા ઉપર કોન્ટ્રાક્ટર નો દાવો રહેશે નહી.

૨૨. આ કામ કોન્ટ્રાક્ટરે માલ મજુરી સાથે કરવાનો છે. એટલે કે કામમાં જોઈતા મટીરીયલ્સ (હથીયાર, સાધનો, સીડી કે ત્રાપા વગેરે) નો સમાવેશ થાય છે. આ કામ માટે તેને જોઈતા મજદુરો (કારીગરો, સુપરવાઈઝર વિગેરે) નો સમાવેશ થાય છે. કોન્ટ્રાક્ટરે તે કામ કરનારાઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવાની છે. જે કોઈ આઇટમમાં સ્પેસીફીકેશન ન હોય ત્યાં પણ રાજકોટ મહાનગરપાલિકા ના સ્પેસીફીકેશન મુજબ કામ કરવાનું રહેશે. જો રાજકોટ મહાનગરપાલિકા માં પણ સ્પેસીફીકેશન ન હોય તો ગુજરાત વોટર સપ્લાય એન્ડ સુવરેજ બોર્ડ (GWSSB) ના સ્પેસીફીકેસ્ન મુજબ કામ કરવાનું છે. કોઈ કામનું સ્પેસીફીકેશન ઉપરોક્ત જણાવેલ ખાતામાં ન હોય તો એવા કામનું સ્પેસીફીકેશન કોન્ટ્રાક્ટરે રાજકોટ મહાનગરપાલિકા ઈજનેર પાસેથી લેખિતમાં મેળવવાનું રહેશે. કામ બાબત કોઈ પણ જાતનો વાંધો કે વાંધાઓ પડે તો તેનો આખરી નિર્ણય માન. કમિશ્નર સાહેબનો રહેશે અને તે કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.

૨૩. કોન્ટ્રાક્ટર તરફથી કામ થઈ ગયા બાદ ૨૪ કલાકમાં સાઈટ સાફ કરી આપવાની રહે છે. તે સમય દરમ્યાન સાઈટ સાફ કરવામાં આવશે નહી તો જગ્યા રોકાણ અંગેનું;

કામ પૂરું થયાની તારીખથી ધોરણસર ભાડું ચડત થશે અને તે કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ કરવામાં આવશે આથવાતો તેઓને ખર્ચે અને જોખમે સાઈટ ઉપર પડેલ માલ રાજકોટ મહાનગરપાલિકા ના ઈજનેર દુર કરાવશે અને તેની રકમ કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ લેવામાં આવશે.

૨૪. જે કામ અથવા માલ નાપાસ કરવામાં આવે તે સાઈટ ઉપરથી ૨૪ કલાકમાં ખસેડવાનો રહેશે અને તેમ કરવામાં કસુર થશે તો કોન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે તે કામ અથવા માલ ખસેડવામાં આવશે.

૨૫. ટેન્ડરમાં જણાવેલ કોઈ પણ આઇટમ ખાતા મારફત કરવાની જરૂર જણાશે તો તે કામ ખાતા મારફત કરવામાં આવશે. જેના માટે કોન્ટ્રાક્ટર વાંધો ઉઠાવી શકશે નહી.

૨૬. દરેક કામમાં વપરાતો માલ-સમાન સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી / સક્ષમ અધિકારીશ્રી પાસે પાસ કરવી ત્યાર બાદ જ વાપરવાનો રહેશે.

૨૭. જો કોન્ટ્રાક્ટર ચાલુ કામ છોડી જતા રહેશે અગર કામ બંધ કરી દેશે તો રાજકોટ મહાનગરપાલિકા તેમને ખર્ચે અને જોખમે કામ ચાલુ કરી શકશે અગર તો બીજા કોન્ટ્રાક્ટર પાસે કામ શરુ કરાવી શકશે. આમ કરવામાં રાજકોટ મહાનગરપાલિકા ને કોન્ટ્રાક્ટર સાથેના એગ્રીમેન્ટ કરતા વધુ ખર્ચ થશે તો કોન્ટ્રાક્ટર પાસેથી કાયદેસર રીતે વસુલ કરી શકશે અને આ ઉપરાત તેમની સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી શકશે.

૨૮. કોન્ટ્રાક્ટરના દરેક પ્રોગ્રેસીવ બિલમાંથી ૧૦% રકમ રાજકોટ મહાનગરપાલિકામાં જમા રહેશે તેનો ફાઈનલ બીલમાં સમાવેશ કરવામાં આવશે.

૨૯. આ સાથેના પ્રાઈસ બીડના પરિશિષ્ટમાં સમાવિષ્ટ આઇટમ માં દર્શાવેલ ભાવ (દર) બાબતે ભવિષ્યમાં ગેરસમજ ઉપસ્થિત થાય તો તે અંગે સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી નો નિર્ણય આખરી ગણાશે.

૩૦. સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી મારફત ટેન્ડરો ખોલવામાં આવશે ત્યારથી ૧૮૦ દિવસમાં ટેન્ડર સ્વીકારવામાં આવેલ છે કે નહી તેનો નિર્ણય માન. કમિશ્નર સાહેબ મારફત કરવામાં આવશે. આ મુદતમાં જો કોઈ પણ પ્રકારના નિર્ણયની જાણ

કોન્ટ્રાક્ટરને કરવામાં નહી આવે તો ટેન્ડરના ભાવો કોન્ટ્રાક્ટર કે રાજકોટ મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી બંનેની સહમતીથી આવેલ ભાવોનું ટેન્ડર મંજુર કરવા માટે માન. કમિશ્નર સાહેબ આખરી નિર્ણય કરી શકશે.

૩૧. જે કોન્ટ્રાકટરના ભાવ મંજુર થશે અને ભાવ મંજુર થવાના ખબર મળ્યેથી થયેલ ભાવથી થતી કિંમતના ૫ ટકાની રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે મહાનગરપાલિકાની ટ્રેઝરીમાં દિવસ-૮ માં ભરી સ્ટેમ્પ ડ્યૂટિ એક્ટ મુજબની રકમના નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર ઉપર મહાનગરપાલિકા દ્વારા માન્ય કરેલ ફોર્મમાં કરારનામુ કરી આપવાનું રહેશે. આ માટે સ્ટેમ્પ પેપર તેમજ એડહેસિવ સ્ટેમ્પનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે.

૩૨. વર્કમેન કોમ્પેન્સેશન એકટ હેઠળ ઈન્સ્યુરન્સની ડબલ્યુ.સી.ની પોલીસી લેવાની રહેશે.

૩૩. સાઈટ ઉપર કામ કરતાં કામદારોની સંખ્યા અન્વયે સરકારશ્રીના લેબર એક્ટ મુજબ લેબર લાયસન્સ લેવાનું રહેશે અને તેના પ્રવર્તમાન કાયદાઓનું પલક કરવાનું રહેશે તેમજ આ કાયદામાં સરકારશ્રી તરફથી વખતો વખત જે કોઈ ફેરફાર થાય તેનો અમલ કરવાનો રહેશે.

૩૪. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર ઈ.પી.એફ.નંબર લેવાનો રહેશે તથા આ કાયદામાં વખતો વખત જે કાંઈ ફેરફાર થાય તેનો અમલ કરવાનો રહેશે.

૩૫. સર્વિસ ટેકસ / જી.એસ.ટી. ના કાયદા અનુસાર ટેકસ ભરવાની જવાબદારી જે તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

૩૬. કચેરી તરફથી સુચવવામાં આવતા આ કામને લગતા જરૂરી ટેસ્ટ રીપોર્ટ કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કરાવી આપવાના રહેશે.

૩૭. ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના જી.આર. નં.સી.ડબલ્યુ.એ/૨૦૦૪/૮૪૧/એમ-૩ તા.૩૦.૦૧.૦૬ ના ઠરાવ મુજબ શ્રમીકોના કલ્યાણ માટે બીલની કુલ રકમના ૧% (એક ટકા) લેખે સેસ રકમ રાજકોટ મહાનગરપાલિકા રનીંગ બીલમાંથી કપાત કરશે, તેમજ તેના માટે જરૂરી રજીસ્ટ્રેશન એજન્સીએ સ્વ.ખર્ચે કરવાનું રહેશે.

૩૮. કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રીએ ૧૦ કે તેથી વધુ કામદારો કામે રાખેલ હશે તો કોન્ટ્રાકટરશ્રીએ ઈ.એસ.આઈ. (એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ) એકટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી જરૂરી રજીસ્ટ્રેશન નંબર મેળવવાનો રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ તેમના હસ્તકના કામદારોને ઈ.એસ.આઈ.એકટ હેઠળ મળવાપાત્ર તમામ લાભો આપવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ ઈ.એસ.આઈ.એકટના જે તે સમયે પ્રવર્તમાન તમામ ધારા-ધોરણોનું પાલન કરવાનું રહેશે.

૩૯. આ સાથે સામેલ રાખેલ આ કચેરી હુકમ નં.રામનપા/સી/૧૩૨ તા.૧૦.૦૬.૨૦૧૩ તથા પરિપત્ર નં.રામનપા/સી/૩૨૯ તા.૨૨.૧૨.૨૦૧૨ તેમજ અન્ય સામેલ પરંપત્રો વાંચીને તેમાં સહી સીકકા કરી ટેન્ડર સાથે રજુ કરવાના રહેશે.

૪૦. ટેન્ડરની તમામ શરતો અને બોલીઓ વાંચીને કોન્ટ્રાક્ટરે દરેક પાના પર ટુંકી સહીઓ કરી આપવાની છે. અધુરી વિગત કે ચેકચાક વાળું ટેન્ડર રદ કરવાપાત્ર બનશે.

૪૧. વર્કમેન કોમ્પેન્સેશન એક્ટ હેઠળ ઇન્સ્યુરન્સની, ડબલ્યુ.સી. ની પોલીસી લેવાની રહેશે.

૪૨. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર ઈ.પી.એફ. નંબર લેવાનો રહેશે તથા આ કાયદામાં વખતો વખત જે કંઈ ફેરફાર થાય તેનો અમલ કરવાનો રહેશે.

૪૩. કચેરી તરફથી સૂચવવામાં આવતા કામે લગતા જરૂરી ટેસ્ટ રીપોર્ટ કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે કરાવી આપવાના રહેશે.

૪૪. ભારત / ગુજરાત સરકારશ્રી ના વખતો-વખત ના કાયદાઓ-નિયમોમાં થતા ફેરફાર કોન્ટ્રાક્ટરને બંધનકરતા રહેશે.

૪૫. પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવતાં જાહેરનામાનો કોન્ટ્રાક્ટરે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| **અધિક મદદનીશ ઈજનેર** | **નાયબ કાર્યપાલક ઈજનેર** | **સીટી એન્જીનીયર (સ્પે.)** |
| **બાંધકામ શાખા** | **બાંધકામ શાખા** | **બાંધકામ શાખા** |

**કોન્ટ્રાક્ટરની સહી તથા સિક્કો:**

# -:: કામના તાંત્રિક સ્પેશીફીકેશન ::-

**Item No.1:**
**Supply and fixing of Cement Mosaic Glazed Tiles Affixed Benches (with Name Plate Takti)**

Supplying, fitting and fixing of Cement Mosaic Glazed Tiles Affixed Benches of approved design complete with support, fixing and complete material.

The bench shall be of size 63 cm thick and 1.36 m length with bottom base etc. complete. All material shall be of Cement Mosaic Glazed Tiles.

Necessary excavation for foundation as required shall have to be carried out at the location as specified. Cement concrete work of 1:2:4 in 0.30x0.30x0.45 size shall also have to be carried out as per the instruction and erection of benches shall have to be done in line level.

Supply, fitting and fixing of benches shall have to be carried out at the location as finalized by the engineer in charge of work.

Note:
1. Cement Mosaic Glazed Tiles Affixed (with Name Plate Takti) Benches not found as per specification and requirement will be out rightly rejected.
2. Quantity may increase or decrease

The rate will be paid for a unit of one number basis.

| | | |
|---|---|---|
| **Asst. Engineer**<br>**R.M.C.** | **Dy.Ex.Engineer**<br>**R.M.C.** | **CITY ENGINEER**<br>**R.M.C.** |

**Signature of Contractor**

## -:: ટેન્ડરના જુદા-જુદા કવર માટેના સ્ટીકર ::-

મુખ્ય કવર પર ચોંટાડવું

### બીડ સબમીશન

ટેન્ડર નં. રામન/બાંધકામ(ઇ.ઝો.)/૨૩-૨૪/૭૫

કામનું નામ: ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડની ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ની ગ્રાંટમાંથી જુદી જુદી જગ્યાએ સિમેંટ ના બાકડા નંગ ૧૫૦ મુકવાનું કામ (રીટેન્ડર)

ટેકનીકલ બીડના કવર માટે

### એ - ટેકનીકલ બીડ

ટેન્ડર નં. રામન/બાંધકામ(ઇ.ઝો.)/૨૩-૨૪/૭૫

કામનું નામ: ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડની ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ની ગ્રાંટમાંથી જુદી જુદી જગ્યાએ સિમેંટ ના બાકડા નંગ ૧૫૦ મુકવાનું કામ (રીટેન્ડર)

પ્રાઈસ બીડના કવર માટે

### બી - પ્રાઈસ બીડ

ટેન્ડર નં. રામન/બાંધકામ(ઇ.ઝો.)/૨૩-૨૪/૭૫

કામનું નામ: ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડની ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ની ગ્રાંટમાંથી જુદી જુદી જગ્યાએ સિમેંટ ના બાકડા નંગ ૧૫૦ મુકવાનું કામ (રીટેન્ડર)

# રાજકોટ મહાનગરપાલિકા

## ટેન્ડર નં.રામન/બાંધકામ(ઇ.ઝો.)/૨૩-૨૪/૭૫

## બી - પ્રાઈસ બીડ

રૂ.................................. પહોચ નં.............................. તારીખ.........................

**છૂટક કામ (સેંકડે ટકાવારી દર)**

હું / અમો આ ટેન્ડરમાં લખેલું કામ અંદાજ પત્રકના રૂ. ૩,૧૧,૦૦૦/- કરતાં ..................% (શબ્દોમાં ..........................................................................................ટકા) ઓછા / વધુ ભાવે કરવા સહમત છું / છીએ.

કામનું નામ: **ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડની ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ની ગ્રાંટમાંથી જુદી જુદી જગ્યાએ સિમેંટ ના બાકડા નંગ ૧૫૦ મુકવાનું કામ (રીટેન્ડર)**

મંજુર થયેલ અંદાજ : રૂ.૩,૧૧,૦૦૦/- અર્નેસ્ટ મની : રૂ.૩,૧૧૦/-

ટેન્ડર ફી: રૂ.૭૫૦/-

કોન્ટ્રાક્ટરનું નામ: ..........................................................................................

સરનામું: : ..........................................................................................

..........................................................................................

તારીખ :............................................ સાક્ષી :........................................................

સરનામું :........................................................

........................................................

ધંધો :........................................................

**ભાવ ભરનારની સહી**

---

સદરહુ ભાવ પત્ર રાજકોટ મહાનગરપાલિકા વતી મંજુર કરવામાં આવે છે.

તારીખ: ................... મંજુર કરનાર અધિકારીની સહી

# રાજકોટ મહાનગરપાલિકા

## -:: પરિશિષ્ટ – "બ" ::-

( કામની કઈ કઈ બાબત કરવાની છે તે બતાવવાની યાદી )

**કામનું નામ:** ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડની ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ની ગ્રાંટમાંથી જુદી જુદી જગ્યાએ સિમેંટ ના બાકડા નંગ ૧૫૦ મુકવાનું કામ (રીટેન્ડર)

| Sr. | QTY. | Item | Rate | Unit | Amount |
|---|---|---|---|---|---|
| 1 | 150.00 | Supply and fixing of cement mosaic glazed tiles affixed benches (with name plate takti) | 1973.00 | Nos | 295950.00 |
| | | | | Total | 295950.00 |
| | | 5 % Contegency charge | | | 14797.50 |
| | | | | | 310747.50 |
| | | | | Say | 311,000.00 |

સઘળું કામ ફરમાવવામાં આવે તે પ્રમાણે શરતો અને સમજુતી મુજબ કરવાનું છે. ઉપરોક્ત પરિશિષ્ટમાં નિર્દેશ કરેલ આઈટમોનું કામ ભાગ-એ ટેકનીકલ બીડ માં સામેલ કરેલ સંબંધિત આઈટમોની શરતો અને સમજુતી પ્રમાણે કરવાનું છે.

| | | |
|---|---|---|
| મદદનીશ એન્જી.<br>રાજકોટ મહાનગરપાલિકા | નાયબ કાર્યપાલક ઈજનેર<br>રાજકોટ મહાનગરપાલિકા | સીટી એન્જીનીયર (સ્પે.)<br>રાજકોટ મહાનગરપાલિકા |

**કોન્ટ્રાક્ટરની સહી તથા સિક્કો**

# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

વેબસાઈટ : www.rmc.gov.in


આર.એમ.સી./સી./વીજી.(ટેક.) /જા. નં.- ૨૩૧ તા. ૧૧/૦૩/૨૦૨૨

**પરીપત્ર-:**

રાજકોટ મહાનગરપાલિકા અને RSCDL ખાતે ટેન્ડરથી થતા કામમાં સિમેન્ટ કોન્ક્રીટની કામગીરી કરવામાં આવે છે. આ કામોમાં ક્વોલીટી કન્ટ્રોલ જળવાઈ રહે તે માટે નીચે દર્શાવેલ દર્શાવ્યા મુજબ જુદા જુદા સિમેન્ટ કોન્ક્રીટ ગ્રેડ વાઈઝ મીનીમમ સિમેન્ટ કન્ટેન્ટના ધોરણો અનુસરવા અને તેનો સમાવેશ ટેન્ડર ડોક્યુમેન્ટમાં કરવા આથી હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (અ) | NABL માન્ય લેબ દ્વારા IS, IRC કે MORTH મુજબ તૈયાર કરાયેલ સિમેન્ટ કોન્ક્રીટ મીક્સ ડીઝાઈન રીપોર્ટ મુજબ કિગ્રા સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર |
| (બ) | નીચે દશાવેલ ટેબલ મુજબ મીનીમમ કિગ્રા સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર |

| Sr. No. | Cement Concrete Grade | 28 Days Strength in $N/mm^2$ | Minimum Cement in Kg |
|---|---|---|---|
| 1 | M-7.5 for PCC Work | 7.5 $N/mm^2$ | 160 Kg |
| 2 | M-10 for PCC Work | 10 $N/mm^2$ | 220 Kg |
| 3 | M-15 for PCC Work | 15 $N/mm^2$ | 290 Kg |
| 4 | M-20 for RCC Work | 20 $N/mm^2$ | 360 Kg |
| 5 | M-25 for RCC Work | 25 $N/mm^2$ | 380 Kg |
| 6 | M-30 for RCC Work | 30 $N/mm^2$ | 410 Kg |
| 7 | M-35 for RCC Work | 35 $N/mm^2$ | 425 Kg |
| 8 | M-40 for RCC Work | 40 $N/mm^2$ | 440 Kg |
| 9 | M-45 for RCC Work | 45 $N/mm^2$ | 450 Kg |

ઉપરોક્ત (અ) અને (બ) પૈકી જે વધુ હોય, તે સિમેન્ટ કન્ટેન્ટ ને ફાઈનલ મીનીમમ સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર ગણવા હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબતની અમલવારી તાત્કાલિક અસરથી ચુસ્તપણે કરવાની રહેશે.

કમિશ્નર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ રવાના (જાણ તથા અમલવારી અર્થે)

- નાયબ કમિશ્નરશ્રી (ઝોન-વેસ્ટ ,સેન્ટ્રલ ,ઇસ્ટ)

નકલ રવાના -(અમલવારી અર્થે)

- તમામ સીટી એન્જીનીયરશ્રી, એડી. સીટી એન્જીનીયરશ્રી, એક્ઝીક્યુટીવ એન્જીનીયરશ્રી, એન્વાયરમેન્ટ એન્જીનીયરશ્રી (S.W.M.)

R.M.C./C./૯૩૨

કમિશ્નર વિભાગ,
રાજકોટ મહાનગર સેવાસદન
તા. ૧૦/૬/૨૦૧૩

**<u>હુકમ :–</u>**

**વિષયઃ– ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી મંગાવવામાં આવતી તમામ પ્રકારની ઓફરો સાથે <u>બિનઅધિકૃત રજુ થતાં ડોકયુમેન્ટસ સામે કડક કાર્યવાહી હાથ ધરવા બાબત.</u>**

**સંદર્ભ :–** <u>આ અગાઉનાં પરીપત્ર નં. આર.એમ.સી./સી./૩૨૯, તા.૨૨/૧૨/૨૦૧૨.</u>

રાજકોટ મહાનગર સેવાસદનના ત્રણ ઝોનનાં તમામ વોર્ડમાં શહેરનાં વિકાસ તથા જાળવણી માટે વિવિધ કામગીરી કરાવવા ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી અલગ અલગ એજન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક ધોરણે અખબારી પ્રસિધ્ધિથી ભાવો ટુ બીડ સીસ્ટમ (૧) ટેકનીકલ બીડ (૨) પ્રાઈઝ બીડ થી મંગાવવામાં આવે છે.

સંદર્ભના પ્રસિધ્ધ કરેલ પરીપત્ર મુજબ તમામ ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડરથી મંગાવવામાં આવતાં ભાવો સાથે ભાવ ભરનાર એજન્સીઓ / બીડરો દ્વારા ટેન્ડર બીડ માટે રજુ કરવાનાં થતાં તમામ ડોકયુમેન્ટસ ફરજીયાતપણે ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરવા આદેશ કરવામાં આવેલ છે. જે સંબંધે નીચે મુજબનાં હુકમની અમલવારી તાત્કાલીક અસરથી કરવા આદેશ કરવામાં આવે છે.

(૧) તમામ ટેન્ડરકામોના ટેકનીકલ બીડ ઓપન કરતી વખતે જે ટેન્ડર બીડ ભરનાર એજન્સીઓ દ્વારા તમામ ડોકયુમેન્ટસ કે તે પૈકી કોઈપણ એક ડોકયુમેન્ટસ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરેલ ન હોય તો રજુ થયેલ ટેકનીકલ બીડ ઓપન કરવાની કાર્યવાહી દરમ્યાન ટેકનીકલ બીડ ઓપન કરનાર સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ Disqualify પ્રકારનો રબ્બર સ્ટેમ્પ બિનઅધિકૃત રજુ થયેલ ટેન્ડરનાં તમામ પાને લગાવી ટેકનીકલ બીડમાં ટેન્ડર Disqualify ફરજીયાતપણે કરવાનું રહેશે.

જે ટેન્ડર ખરી નકલ કે સેલ્ફ એટેસ્ટેડ સાથે રજુ થયેલ નથી, તેવું ટેકનીકલ બીડમાં ધ્યાને આવ્યેથી રજુ થયેલ ટેન્ડરને Disqualify ન કરી, તે બીડરનું જો પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે તો આવા પ્રાઈઝ બીડ ખોલનાર તમામ સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે સખત શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ પડશે.

(૨) તમામ ટેન્ડરોનાં કિસ્સાઓમાં સંબંધીત ખરી નકલમાં રજુ થયેલ તમામ ડોકયુમેન્ટસની મુળ (ઓરીજીનલ)નકલ મંગાવી તેની ખરી નકલની ચકાસણી ફરજીયાતપણે સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી તથા મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. **<u>જે મુળ નકલ સાથે વેરીફાય કર્યાની સહી ફરજીયાતપણે દરેક ખરી નકલમાં સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. તે પહેલાં તે ટેન્ડરની પ્રાઈઝ બીડ ઓપન કરી શકાશે નહી.</u>** જેમાં ફરજચુક થયેથી સંબંધીત જવાબદાર ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રી ની સામે કડક ખાતાકીય પગલાં લેવાની ફરજ પડશે.

(૩) ક્રમ નં.(૧) તથા (૨) મુજબની ચકાસણી કરવા છતાં જે કિસ્સામાં ટેકનીકલ બીડ ઓપન કરતાં બીડર દ્વારા કોઈપણ પ્રકારનાં ફ્રોડ ડોકયુમેન્ટસ રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનું સાબિત થશે, તેવા કિસ્સામાં બીડર / એજન્સીને બ્લેકલીસ્ટ કરી, આવા બીડર સામે ફરજીયાતપણે ફોજદારી કાર્યવાહી સંબંધીત શાખાના વડા તથા વીજીલન્સ અધિકારીશ્રી (પ્રોટેકશન) દ્વારા જોઈન્ટલી દિન–૭ માં કરવા આદેશ કરવામાં આવે છે. જેની લેખિતમાં

જાણ તાત્કાલીક અત્રે કરવાની રહેશે. જેમાં ચૂક થયેથી સંબંધીત તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે કડક પગલાં લેવા ફરજ પડશે.

(૪) સંદર્ભનો પરીપત્ર તથા આ હુકમ તમામ પ્રકારનાં ટેકનીકલ કામના દરેક ટેન્ડર પ્રસિધ્ધ કરતી વખતે ટેન્ડરનો હિસ્સો ગણી ટેન્ડરના ભાગ તરીકે પ્રસિધ્ધ કરવાનું ફરજીયાત રહેશે, તથા બીડર દ્વારા ટેન્ડરમાં પ્રસિધ્ધ થતા સંદર્ભનાં પરીપત્ર તથા આ હુકમનાં દરેક પાને સહી સિક્કા સાથે ભરેલ ટેન્ડરની ટેકનીકલ બીડ ફરજીયાત રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત હુકમનો તાત્કાલીક અસરથી ચુસ્તપણે અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

કમિશ્નર 1/6
રાજકોટ મહાનગર સેવાસદન

<u>નકલ રવાના (જાણ અર્થે):–</u>
નાયબ કમિશ્નરશ્રીઓ (તમામ)

<u>નકલ જાણ તથા અમલવારી અર્થે</u> :–
(૧) સહાયક કમિશ્નરશ્રીઓ (તમામ)
(૨) શાખાધિકારીશ્રીઓ (તમામ)

આર.એમ.સી./સી. ૩૨૮

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ
તા.૨૨/૧૨/૨૦૧૨

## પરિપત્ર:-

ઇ-ટેન્ડર પદ્ધતિ / ઓપન ટેન્ડર પદ્ધતિથી માંગવામાં આવતી ઓફરોમાં એજન્સીઓ દ્વારા ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ જેવા કે ટર્નઓવર, અનુભવના પ્રમાણપત્રો વિગેરે ખરી નકલમાં રજૂ કરવામાં આવતા નથી. આથી હવે પછીથી એજન્સીઓ દ્વારા રજૂ થતાં ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ હોવા જરૂરી છે તેમજ જે એજન્સીનું ટેન્ડર ટેકનીકલ બીડમાં ક્વોલીફાય થાય અને ખરી નકલ ગેઝેટેડ ઓફીસર મારફત પ્રમાણિત કરાવેલ ન હોય તેવા કેસમાં તેના ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ પ્રાઇસબીડ ખોલતા પહેલા ચકાસી અને ખરી નકલ રજૂ કરાવીને જ ખોલવાના રહેશે તથા આ બાબતનું શાખાધિકારીશ્રીઓએ ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે. આમ ન થયેથી પુરતી ચકાસણીને અભાવે જો કોઇ એજન્સીને ખોટા કે અધુરા આધારો સાથે કામ આપવાની ક્ષતિજનક બાબત જાણમાં આવ્યે તે ટેન્ડર ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરનાર કર્મચારીશ્રીઓ તેમજ શાખાધિકારીશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે, જેની સર્વે શાખાધિકારીશ્રીઓએ નોંધ લેવી.

ઉપરોક્ત બાબતનો અમલ તાત્કાલિક અસરથી કરવો.

૨૨/૧૨
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

**નકલ રવાના :- (જાણ અર્થે)**
- નાયબ કમિશનરશ્રીઓ (તમામ)

**નકલ જાણ તથા અમલવારી અર્થે :-**
- સહાયક કમિશનરશ્રીઓ (તમામ)
- શાખાધિકારીશ્રીઓ (તમામ)

## જાહેરનામુ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: એસ.બી./મજુર/જાહેરનામુ/૫૬૩/૨૦૧૪.
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
રાજકોટ શહેર,રાજકોટ.
તા.૨૬/૦૪/૨૦૧૪

તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળમાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (આરોપીઓ) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા વાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઇપ લાઇન માટે ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રેકી કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનુ સર્વે કરી માહિતગાર થઇ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું મોહન ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ફોજદારી કાર્યરીતી અધિનીયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છુ કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમા લેબર કોન્ટ્રાકટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરી કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરીના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનીક પો.સ્ટે.મા કરવાની રહેશે

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર / મુકાદમ (સપ્લાયર) નુ પુરૂ નામ સરનામુ મો.નં., નંબર સહિત | :- | |
| ૨ | મજુરનુ નામ તથા ઉ.વ. | :- | |
| ૩ | મજુરનું હાલનુ સરનામુ ટેલીફોન નંબર | :- | |
| ૪ | મજુરનુ મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જીલ્લો | :- | |
| ૫ | હાલની મજુરીનુ સ્થળ / કંપનીનુ નામ | :- | |
| ૬ | મજુરનુ વતનનું સ્થાનીક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | :- | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ, સરનામુ, ટેલીફોન નંબર | :- | |
| ૮ | મજુર અગાઉ કોઇ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | :- | |
| ૯ | ક્યારથી મુકાદમે / કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે | :- | |
| ૧૦ | મજુરનુ ઓળખ માટેનુ આઇ.ડી.પ્રુફ (ફોટા સાથે નું) | :- | |
| ૧૧ | રાજકોટ શહેરમાં કઇ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઇ તારીખે જવાનો છે ? | :- | |
| ૧૨ | રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઇ હોયતો તેનુ નામ, સરનામુ | :- | |

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન..........................................
મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ..........................................
નામ..........................................

આ હુકમ તા. ૦૧/૦૫/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છુ. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.[illegible] એપ્રીલ-૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(મોહન ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

નકલ રવાના:-
(૧) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૫) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૬) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.
(૭) કલેકટરશ્રી , રાજકોટ શહેર.
(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૯) નિયામકશ્રી, માહીતી ખાતું ડૉ.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા.. ગાંધીનગર.
(૧૦) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૧) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, પૂર્વ/ પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
(૧૩) આર્ટ.કમિશ્નરશ્રી, (ઇન્ટે.), રાજકોટ રીઝીયન, રાજકોટ.
(૧૪) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/પો.ઇન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૫) તમામ પો.સ્ટે.ઇન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૬) તમામ બ્રાંચ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૭) કન્ટ્રોલ ઇન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) વર્તમાનપત્રોને આપવી.
(૧૮) લેબર કમિશ્નરશ્રી, ... તમામ ખાનગી સંસ્થાઓને અવગત કરવા સારૂ

નકલ સવિનય રવાના:-
(૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જ્યુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશ્નલ સેશન્સ જજ કોર્ટ, રાજકોટ.
(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર
(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા
(૭) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)

# રાજકોટ મહાનગરપાલિકા

## હિસાબી શાખા

ડૉ.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.

રા.મ.ન.પા./હિસાબી/જા.નં. ૪૨૧

તા. ૧૬/ ૬/૨૦૧૭

નોંધ -

વિષય – Vendor Regi. માં GST No. Update કરવા બાબત

ઉપરોકત વિષયે જણાવવાનું કે રાજકોટ મહાનગરપાલીકા નાં તમામ વેન્ડર / કોન્ટ્રાકટરો ના Vendor Registration માં GST No. ની જરૂરીયાત હોય તાત્કાલીક અપડેટ કરવા વિનંતિ. Temporary Vendor નાં Regi. આપની શાખામાં જ થઇ જશે જ્યારે Permanent Vendor નાં GST No. અપડેટ કરવા શાખા અધિકારીશ્રી નાં જરૂરી સહી સીક્કા સાથે નીચે મુજબ વિગત નું પત્રક બનાવી દિવસ – ૭ માં હિસાબી શાખામાં માહિતી મોકલાવી આપવા વિનંતી.

| Vendor Name | Exiting Vendor Regi. No. | PAN | GST NO. |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ચીફ એકાઉન્ટન્ટ
રાજકોટ મહાનગરપાલીકા

<u>નોંધ -</u> તમામ વિગતો ચકાસીને અપડેટ કરવી / ચકાસીને મોકલવી અન્યથા સપ્લાયર્સ ને TDS ની ક્રેડીટ મળશે નહી જેની નોંધ લેવા વિનંતી.

રાજકોટ મહાનગરપાલિકા
સે. ઝોન બાંધકામ શાખા
ઈન્વર્ડ નંબર ૭૩૭
તારીખ ૨૬/૬/૧૭

<u>નકલ અમલવારી અર્થે</u>

1. તમામ શાખા અધિકારીશ્રી ઓ

<u>નકલ સવિનય જાણ અર્થે</u>

1. માન. કમિશ્નર સાહેબશ્રી
2. માન. નાયબ કમિશ્નર સાહેબશ્રી

રા.મ.ન.પા./મ.ઓ./સો.વે.મે./જા.નં. ૬૪૩૫ ૦૬/૦૬/૨૨

# જાહેરનામું

આથી હું અમિત અરોરા (IAS), મ્યુનિસીપલ કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ની જોગવાઇ અનુસંધાને મળેલ સતા મુજબ, જાહેર હિતને ધ્યાને લઇ, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ઇમારત તોડવા, સમારકામ અથવા તો નવા બાંધકામ દરમ્યાન ઉપસ્થિત થતા બાંધકામએ લગત કચરા (Construction and Demolition Waste) નો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયત કરાયેલ જગ્યા સિવાય નિકાલ કરવા પ્રતિબંધ ફરમાવું છું.

એવું ધ્યાનમાં આવેલ છે જે, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ઇમારત, ઇમારતોના બાંધકામ દરમ્યાન નળીયા, પથરા, ઇંટો, ઇમારત બાંધવાના માલ સામાન અને એવા માલ સામાનનો કાટમાળ ગમે તે જગ્યાએ નિકાલ / એકઠો કરવામાં આવે છે. જેનાથી એવી જગ્યાએ ઉંદરો અથવા અન્ય જીવ જંતુઓનું આશ્રય સ્થાન અથવા ઉત્પતિ સ્થાન બને છે. તેમજ સદરહું જગ્યાનો ભોગવટો કરનારાઓને અથવા પડોશમાં રહેતી વ્યક્તિઓના ભય અને ઉપદ્રવનું કારણ બને છે. તેના કારણે રોગચાળો ફેલાવવાનો ભય અને લોકોના આરોગ્ય તથા જાનમાલને નુકસાન થાય તેવી સ્થિતી ઉત્પન્ન થાય છે. તેમજ તે કચરો (Construction and Demolition Waste) દુર કરવા રાજકોટ મહાનગરપાલિકાને ખુબજ મોટો ખર્ચ થાય છે, તેમજ માનવ સમય બગડે છે. આમ, લોકોના જાનમાલના અને આરોગ્યના નુકસાનના ભોગે આવી ગેરકાયદેસર પ્રવૃતિ ચાલી રહેલ છે, આવી કોઇપણ પ્રવૃતિ જન આરોગ્ય માટે બિન સલામતી નોતરે તેમ હોય, ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ અનુસુચી-ક ના પ્રકરણ-૧૪ ની જોગવાઇઓ અનુસંધાને આવી તમામ પ્રવૃતિ કરવાનો અગાઉના જાહેરનામા નં.રા.મ.ન.પા./મ.ઓ./સો.વે.મે./જા.નં.૧૯૪૧, તા.૦૬/૦૮/૨૦૧૯ થી પ્રતિષેધ ફરમાવવામાં આવેલ અને આવા કચરા (Construction and Demolition Waste)ના નિકાલ માટે રાજકોટ મહાનગરપાલિકાએ નીચે દર્શાવેલ સ્થળો નિયત કરવામાં આવેલ.

૧. કોઠારીયા પોલીસ ચોકીની બાજુમાં પથ્થરની ખાણ પાસે,
૨. રૈયા સ્માર્ટ સીટીના તમામ ખાણ વિસ્તાર,
૩. ટી.પી.સ્કીમ નં.૧૦, એફ.પી.-૮૭, ઢેબર રોડ, સાઉથ અટીકા વિસ્તાર, પી.જી.વી.સી.એલ. ઓફિસ પાસે,
૪. ટી.પી.સ્કીમ નં.૨૩, એફ.પી.-૨૩, મોરબી રોડ,પોપટપરા આઇ.ઓ.સી. ગોડાઉન પાસે,
૫. સમ્રાટ ઇન્ડ. એરિયા, એસ.ટી. વર્કશોપ પાછળ, અનામત પ્લોટ,
૬. ટી.પી.સ્કીમ નં.૯, એફ.પી.-૫, રૈયાધાર ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન પાસે,
૭. ટી.પી.સ્કીમ નં.૨૦, એફ.પી.-૩૫, પ્રધ્યુમન ગ્રીન પાછળ

ઉપરોકત સ્થળો ઉપરાંત નીચે મુજબના સ્થળો Construction and Demolition Waste ના નિકાલ માટે નિયત કરવામાં આવે છે.

૧. જેટકો ચોકડી, ટી.પી.સ્કીમ નં.૨૮, મવડી, એફ.પી.-૪૬/એ,
૨. ટી.પી.સ્કીમ નં.૧૨, કોઠારીયા નેશનલ હાઇવે, લીજ્જત પાપડ પાસે, એફ.પી.-૩૮/એ, ૩૯/બી.

ઉપરોકત નિયત કરેલ સ્થળો સિવાય અન્ય કોઇપણ જગ્યાએ કોઇપણ ઇસમ/ઇસમો છકડો, ટ્રેકટર અથવા ડમ્પર દ્વારા (Construction and Demolition Waste) નો નિકાલ કરતાં પકડાશે તો પ્રથમ વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ|.૭,૫૦૦/- તથા ડમ્પર દીઠ રૂ|.૧૫,૦૦૦/-, બીજી વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ|.૧૫,૦૦૦/- તથા ડમ્પર દીઠ

Scanned with CamScanner

રૂ|.૩૦,૦૦૦/- અને ત્રીજી વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ|.૫૦,૦૦૦/- તથા ડમ્પર દીઠ રૂ|.૧,૦૦,૦૦૦/-લેખે વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવશે. તેમજ વાહન જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

શહેરમાં વસતાં નાગરીકો દ્વારા ઉપરોકત Construction and Demolition Waste ના નિકાલ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઝોન વાઇઝ કામગીરી માટે Construction and Demolition Waste સેલની રચના કરવામાં આવેલ છે. શહેરના નાગરિકો રાજકોટ મહાનગરપાલિકાના કોલ સેન્ટર – ૦૨૮૧-૨૪૫૦૦૭૭ પર ફોન કરી તેમની મિલ્કતનાં રીપેરીંગ કે કાટમાળનો નિકાલ નીચે મુજબનાં નિયત થયેલ ચાર્જીસ ભરપાઇ કરી નિકાલ કરવાની વ્યવસ્થાનો લાભ મેળવી શકશે.

- રીક્ષા કે ૧/૨ ટ્રેકટર રૂ|.૩૦૦/-
- ટ્રેકટર જેટલો જથ્થો રૂ|.૫૦૦/-
- ટ્રક / ડમ્પર જેટલો જથ્થો રૂ|.૧,૦૦૦/-

ઉપરોકત નિયત કરાયેલ સ્થળોએથી ખાનગી માલિકો, જુનો એકત્રિત થયેલ બાંધકામનો કાટમાળ પોતાના ઉપયોગ માટે સ્વખર્ચે ઉપાડી લઇ જઇ શકશે.

ઉકત જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવો.

રાજકોટ.
તા.4/6/૨૦૨૨

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

C:\users\...\desktop\jaherynama c&d waste ...06 2022.docx

Scanned with CamScanner

[illegible], અશાબ/૨૯૯/૨૦૦૦/ ×૮૧૮

મુદ્રિ. નોંધ સામાન્ય કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર - ૧૩ - [illegible] રોડ,
ગાંધીનગર,
તા. [illegible]

પ્રતિ,
[illegible] ઇજનેરશ્રીના કચેરી,
[illegible] માર્ગ અને મકાન વિભાગ
જુનાગઢ

વિષય:- કરારપત્ર પર સ્ટેમ્પ ડ્યુટી વસુલાત બાબત.

સંદર્ભ:- આપની કચેરીના તા. ૩૦/૭/૨૦૦૦ના પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર દ્વારા આપની કચેરી દ્વારા "કરાર પત્ર" પર [illegible] સ્ટેમ્પ ડ્યુટીના માર્ગદર્શન બાબતે જણાવવાનું કે, અત્રેની કચેરીના પરિપત્ર નં. સ્ટેમ્પ [illegible]/૨૦૦૭/૯૯૯ તા. ૫/૨/૨૦૦૭ના પરિપત્રની નકલ મોકલવામાં આવે છે. જેના પેરા નં. [illegible] (૨)માં જણાવેલ સ્ટેમ્પ ડ્યુટી વાપરવાની થાય છે.

વિશેષમાં જણાવવાનું કે, આપના દ્વારા અત્રે રજુ થયેલ વિગત મુજબ અત્રેમાં તા. [illegible]ના પરિપત્ર ના મુદ્દા નં.૨ મુજબ એગ્રીમેન્ટ માટે રૂ. ૧૦૦/- તથા ડિપોઝીટ તરીકે [illegible] [illegible] નેશનલાઇઝ્ડ બેંકની ફીક્સ ડીપોઝીટ તથા નાની બચત પત્રોની ૨.૫ % (અઢી ટકા) રકમ રૂ. [illegible] ૪૦૦/- ઉપર આર્ટીકલ -૩૬ (ક) સાથે આર્ટીકલ - ૨૦(ક)માં પ્રતિજ્ઞાપત્ર દર તથા [illegible]-૩ મુજબ [illegible] ૧૯૯ એ ૮.૯% મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ [illegible] [illegible] થાય છે. જે વિદિત થાય.

[illegible] - [illegible] પત્રની નકલ.

Off. of the E. E. P.W.
R&B Div.2, Junagadh
૩૫૬૨
2 AUG 2000
B.A.

[illegible]
અધિક મુદ્રિ. નોંધ નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નં.સ્ટેમ્પ-આાન-૧૪-૨૦૦૭-૯૩૯

સુપ્રિ.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩-સી, ખ રોડ,
ગાંધીનગર.
તા.૫-૨-૦૭

પરિપત્ર:-

અત્રેની કચેરીનાં ધ્યાન ઉપર આવેલ વિગત મુજબ ગુજરાત રાજયમાં આવેલ જીલ્લા પંચાયત, નગર પાલિકાઓ તરફથી કરવાના થતા બાંધકામ તથા અન્ય કામો માટે ટેન્ડર બહાર પાડી. કોન્ટ્રાકટરો પાસે કામગીરી કરાવવામાં આવે છે. આવી કામગીરી માટે જે કોન્ટ્રાકટરનું ટેન્ડર મંજુર કરવામાં આવે છે. તે ટેન્ડરની અંદાજીત રકમ પૈકી નિયમોનુસાર અનામતની (સીકયુરીટી – ડીપોઝીટની ) રકમ લેવામાં આવે છે. તે અંગે જીલ્લા પંચાયત / નગરપાલિકા / મહાનગરપાલિકા અને કોન્ટ્રાકટર વચ્ચે કરાર કરવામાં આવે છે. આવા કરારો સ્ટેમ્પ ડયુટીના અભિપ્રાય માટે અત્રે રજુ કરવામાં આવે છે. તેમાં જે ડિપોઝીટની રકમ અનામત મુકવાની થાય છે. તે રોકડ, ચેક, ડીમાન્ડ ડ્રાફટ બેંક ગેરંટી ફિકસ ડીપોઝીટ રીસીપ્ટ એન.એસ.સી. બચતપત્ર વિગેરે પૈકીના એક યા વધુ માધ્યમથી આપવામાં આવે છે. તેમાં ટેન્ડર અન્વયે કેટલી રકમ સીકયુરીટી ડીપોઝીટ પેટે મુકવાની છે અને કયા માધ્યમથી મુકવામાં આવે છે. તેની પુરેપુરી વિગત રજુ કરેલ ન હોય તો આવા કેસોમાં પુરેપુરી વિગત રજુ કરવામાં ન આવે ત્યાં સુધી અભિપ્રાય આપી શકાતો નથી અથવા વિલંબ થાય છે. આવી પરિસ્થિતિ નિવારવા અને ટેન્ડરની રકમ અન્વયે જે કરાર કરવામાં આવે છે. તેમાં નીચેની વિગતે સ્ટેમ્પ ડયુટી લેવાની થાય છે.

(૧) અનામતની જે રકમ રોકડ, ચેક યા ડ્રાફટથી લેવામાં આવે અથવા તો બેંક ગેરંટીથી આપવામાં આવે તો કરારનાં લેખ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ -૧૯૫૮ની અનુસૂચિ-૧ ના આર્ટીકલ -૫ (જ) મુજબ કરાર ઉપર રૂા. ૧૦૦/- સ્ટેમ્પ ડયુટી વાપરવાની થાય છે.

(૨) ટેન્ડર અન્વયે જે અનામતની રકમ ફિકસ ડીપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી. યા અન્ય કોઈ બચતપત્રના માધ્યમ થી અનામત મુકવામાં આવે તો તેટલી અનામતની રકમ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ- ૧૯૫૮ની અનુસૂચિ-૧ ના આર્ટીકલ -૩૬ (ક) સાથે આર્ટીકલ ૨૦ (ક) મુજબ આ રીતે આપવામાં આવેલ અનામતની રકમના પ્રત્યેક રૂા. ૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૨૫% પ્રમાણે સ્ટેમ્પ ડયુટીને પાત્ર બને છે.

આપના તરફથી જે કામો માટે ટેન્ડર બહાર પાડવામાં આવે અને તેમાં ટેન્ડરની રકમ અન્વયે જે રકમ ડિપોઝીટ (અનામત) મુકવામાં આવે છે. તેમાં ઉપર દર્શાવ્યા મુજબ સ્ટેમ્પ ડયુટીને પાત્ર બને છે. તે મુજબ અમલ કરવા વિનંતી છે. સાથોસાથ આપના દ્વારા

ASHN

જાવક
નગરપાલિકા ...
ક્ર. નં. ૭૪૬
તા. ૧૨/૨/૦૭

કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપવામાં આવે તે સમયે કરારનામા ઉપર ઉકત વિગતે યોગ્ય સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરેલ છે. કેમ ? તેની ચકાસણી કરવા પણ જણાવવામાં આવે છે.

અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ, (૧) જીલ્લા કલેકટરશ્રી
(૨) જીલ્લા વિકાસ અધિકારી,
જીલ્લા વિકાસ અધિકારીની કચેરી
............................
(૨) મ્યુનીસીપલ કમિશ્નરશ્રી,
મ્યુ. કમિશ્નરશ્રીની કચેરી
............................
(૩) ચીફ ઓફિસરશ્રી તમામ
નગરપાલિકા કચેરી,
..(૧) પાટણ ).....જી. [illegible]

નાયબ કલેક્ટર,
[illegible]

ASHN

RAJKOT MUNICIPAL CORPORATION
ACCOUNTS DEPARTMENT
Room No. 4, 2nd Floor
Dr. Ambedkar Bhavan,
Debar Road,
Rajkot - 360001

# PARTY/VENDOR REGISTRATION FORM

| | |
|---|---|
| VENDOR CODE | : |
| Party Name | : |
| Authorized Person | : |
| PAN Card No. | : |
| GST No. | : |
| Address | : |
| City | : |
| Phone No. | : |
| Mobile No. | : |
| eMail ID | : |
| Website | : |
| Area Of Work | : |
| Bank Details (attach copy of cancelled cheque) | |
| Bank Name | : |
| Branch Name | : |
| MICR Code | : IFSC Code : |
| Account Type | : |
| Account No. | : |

(1) Any vendor while filling a tender shall quote registration details; if he is not registred he will give fresh details along with tender.
(2) Acounts branch will designate a person who will keep the forms and also authorize new registrations or edit existing registrations.

---

TO,
CHIF ACCOUNTANT,
ACCOUNT DEPARTMENT,
RAJKOT MUNICIPAL CORPORATION

THE ABOVE MENTIONED DETAILS FOR VENDOR REGISTRATION HAS BEEN VERIFIED BY US & FOUND CORRECT. KINDLY REGISTER ABOVE VENDOR.

SIGN
NAME
DESIGNATION
DEPARTMENT NAME

રાજકોટ મહાનગરપાલિકા

હિસાબી શાખા

તા.૨૦/૦૯/૨૦૧૮

જા. નં. ૧૬૧૭

પરિપત્ર :-

**વિષય :- તા. ૦૧/૧૦/૨૦૧૮ થી જી.એસ.ટી. ટી.ડી.એસ. ની કપાત બાબત**

સંદર્ભ :- (૧) GoI, MoF (Department of Revenue) Central Board Indirect Taxes and Customs Notification No. 50/2018-Central Tax

(૨) GoG, Finance Department Notification No. 50/2018-State Tax

ઉપરોક્ત વિષય અને સંદર્ભે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ, ૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ, ૨૦૧૭ ની કલમ ૫૧ અનુસાર ***રૂ. ૨,૫૦,૦૦૦ થી વધુ રકમના વેરાપાત્ર ચીજવસ્તુઓ ખરીદે કે વેરાપાત્ર સેવાઓ કોન્ટ્રાક્ટરથી મેળવે તો કુલ ૨% (બે ટકા) ટેક્ષ ડીડક્શન એટ સોર્સ (જી.એસ.ટી. ટી.ડી.એસ) કાપવાનો થાય છે.***

આમ ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ વધારાની ૨% ની વધારાની નિયમો અનુસાર બિલમાંથી તા. ૦૧/૧૦/૨૦૧૮ થી જી.એસ.ટી. ટી.ડી.એસ. ની કપાત કરવાની થાય છે.

નાયબ કમિશ્નર

રાજકોટ મહાનગરપાલિકા

બિડાણ :- GST FAQ's

<u>નકલ સવિનય જાણ અર્થે:-</u>

(૧) માન. કમિશ્નર સાહેબશ્રી

(૨) માન. નાયબ કમિશ્નર સાહેબશ્રી, (વે.ઝોન, ઈ.ઝોન)

<u>નકલ અમલવારી અર્થે:-</u>

(૧) તમામ શાખા અધિકારીશ્રી

ર.મ.ન.પા.લીગલ/જા.નં.૧૫૭૧

રાજકોટ મહાનગરપાલિકા
લીગલ શાખા
તા. ૨૯/૧૨/૨૦૧૮

## પરિપત્ર :

**વિષય : ઇ.પી.એફ. યોજના અંતર્ગત આપવાની થતી માહિતી**

રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓમાં ફરજ બજાવતા કર્મચારી કે જેઓને ઇ.પી.એફ. યોજના લાગુ પડે છે, અથવા તો જેઓને એક વખત આ યોજના લાગુ પડી ગયેલ હોય, તેઓના ઇ.પી.એફ. એકાઉન્ટમાં કે.વાય.સી. (K.Y.C) ફોર્મમાં આધાર કાર્ડ, પાનકાર્ડ, બેંક એકાઉન્ટની વિગતો તથા મોબાઇલ નંબર અપડેટ કરવાના બાકી હોય તેનું લીસ્ટ ઇ.પી.એફ. કચેરીમાં જે કર્મચારી/એકાઉન્ટ હોલ્ડરની જરૂરી વિગતો પુરી પાડવામાં આવેલ ન હોય તે સત્વરે પુરી પાડવાની થાય છે. તથા અત્રેથી આ કામગીરીના સંકલન અર્થે નિયુક્ત કરવામાં આવેલ પેનલ એડવોકેટ તરફથી ઇ-મેઇલ મારફતે યાદી પુરી પાડેલ છે. જે આ સાથે સામેલ છે. સદરહું લીસ્ટના કર્મચારીઓની વિગત સબંધિત શાખાએ દિન-૨ માં પેનલ એડવોકેટ "ક્લાયન્ટ કન્સલ્ટન્ટ" ને અચુકપણે પહોંચતી કરવાની થાય છે.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ દ્વારા સને ૨૦૧૧ થી આજદિન સુધી કોન્ટ્રાક્ટરો મારફતે કાર્ય કરાવેલ હોય જેમાં માનવશ્રમનો ઉપયોગ થયો હોય, તે સબંધિત કોન્ટ્રાક્ટરો ઇ.પી.એફ. એક્ટ તથા ઇ.એસ.આઇ. એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ છે કે કેમ? તેની ખરાઇ બાદ જ સબંધિત કોન્ટ્રાક્ટરશ્રીઓના બીલ પાસ કરવા અગાઉ સુચના આપવામાં આવેલ હતી. જેનો ફરીથી ચુસ્ત અમલીકરણ સુચના આપવામાં આવે છે. **સબંધિત કોન્ટ્રાક્ટરોની તથા તેઓ હસ્તકના શ્રમિકોની ઇ.પી.એફ. કચેરી તરફથી આવેલ પત્રમાં દર્શાવેલ વિગતો** તાત્કાલિક અસરથી પેનલ એડવોકેટશ્રીને દિન-૫ માં પહોંચતી કરવા દરેક શાખાધિકારીને સુચિત કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકા
હિસાબી શાખા
ઇનવર્ડ નં. ૩૫૪૨
તારીખ: ૨૯/૧૨/૧૮

સદરહુ વિગત નિયત સમયમર્યાદામાં ન મોકલવાના સંજોગોમાં અથવા તો અધૂરી અને ખોટી વિગતો મોકલવા બાબતે સંબંધિત શાખાધિકારીની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવામાં આવશે. જેથી લીસ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગતો તથા આપની કચેરી હસ્તકના કોન્ટ્રાક્ટર તથા તેઓ હસ્તકના શ્રમિકોની વિગતો યોગ્ય ચકાસણી કરી નિયત કરેલ સમયમર્યાદામાં પેનલ એડવોકેટને પહોંચતી કરવી. તથા તેની જાણ લીગલ શાખાને કરવી.

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે તાત્કાલિક અસરથી અમલ કરવો.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના :-
- માન. કમિશનર સાહેબ
- નાયબ કમિશનર (ઇ.ઝો./વે.ઝો.)

નકલ રવાના :-
તમામ શાખાધિકારી (અમલ અર્થે)

પેનલ એડવોકેટનું સરનામું : ખખ્ખર કન્સલ્ટન્ટ
૫૦૨ એમ્પાયર સ્ટેટ
શાસ્ત્રી રોડ, સાયકલ ઝોન ઉપર
રાજકોટ. ફોન નં. ૨૪૬૩૩૬૮૦

નોંધ : સંબંધિત કોન્ટ્રાક્ટરો ઇ.પી.એફ. એક્ટ તથા ઇ.એસ.આઇ. એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય તેવા તમામ કોન્ટ્રાક્ટરોના બીલો ઓડીટ તથા હિસાબી શાખાએ મંજુર કરવા નહિ.

C-385
A

રા.મ.ન.પા./લીગલ/જા.નં. ૯૮૧૯

રાજકોટ મહાનગરપાલિકા
લીગલ શાખા
તા.૧૮/૨/૨૦૧૭

હુકમ:

વંચાણે : લીગલ ફાઇલ નં.૩૭૧/૨૦૧૬-૧૭

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી માટે જુદી-જુદી શાખાઓ દ્વારા કામગીરીના પ્રકારને ધ્યાને લઇ નિયમ અનુસારની પ્રક્રિયા અનુસરીને એજન્સી/સપ્લાયર/કોન્ટ્રાકટર સાથે જોગવાઇઓ વાળો કરાર કરવામાં આવે છે. મહાનગરપાલિકાની કામગીરી સંદર્ભે તૈયાર કરવામાં આવતા ટેન્ડર/કરારનામામાં વખતો વખતની જરૂરીયાતને ધ્યાને લઇ આર્બીટ્રેશન (Arbitration) ની જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી માટે કરવામાં આવેલ કરારનામાની શરતો અનુસંધાને અમુક એજન્સી/સપ્લાયર/કોન્ટ્રાકટર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી નામદાર હાઇકોર્ટ સમક્ષ આર્બીટ્રેટરશ્રીની નિયુક્તિ અંગે પીટીશનો કરવામાં આવે છે, જેના કારણે મહાનગરપાલિકાની કામગીરીના ભારણમાં વધારો થયેલ છે. અને સબંધિત અધિકારીશ્રીઓને વારંવાર અમદાવાદ ખાતે હાજર રહેવુ પડતુ હોય તેના કારણે અગત્યના પ્રોજેકટો સહીત કચેરીની કામગીરી તેમજ પ્રજાકીય કામો ઉપર વિપરીત અસર થવા પામેલ છે, તેમજ અરજદારોને હેરાન થવું પડે છે. આ અંગે કાયદાકીય, શાખાના અભિપ્રાય અને પ્રકરણની વિગતો જોતા આ કામે વૈકલ્પિક ઉપાય (alternate remedy) ઉપલબ્ધ હોય મહાનગરપાલિકાના ટેન્ડર/કરારનામામાં આર્બીટ્રેશનની જોગવાઇઓને સામેલ કરવાનું ઉચીત જણાતું નથી.

આથી " રાજકોટ મહાનગરપાલિકાના કામે કરવામાં આવતા ટેન્ડર ડોક્યુમેન્ટ અને કરારનામામાં આર્બીટ્રેશન (Arbitration) ને લગત જોગવાઇઓ દુર કરવાનો," અને તેના બદલે "ટેન્ડરની શરત/કરારનામાની શરતના અર્થઘટન સંદર્ભે મહાનગરપાલિકાના કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે," અને "ટેન્ડરની/કરારનામાની શરતો અંગે કોઇ પણ બાબતે વિવાદ ઉપસ્થિત થયે રાજકોટની દિવાની અદાલતની હકુમત રહેશે," તેવી શરતોનો મહાનગરપાલિકાના કામ અર્થે તૈયાર કરવામાં આવતા તમામ કામગીરીના પરિપત્રો/ટેન્ડર ડોક્યુમેન્ટ તેમજ કરારનામામાં સમાવેશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો અમલ તાત્કાલિક અસરથી ચુસ્તપણે કરવો.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ રવાના જાણ અર્થે : નાયબ કમિશનરશ્રી (તમામ)

નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે : તમામ શાખાધિકારીશ્રીઓ

Scanned by CamScanner

રા.મ.ન.પા./ લીગલ/ જા.નં. 122

રાજકોટ મહાનગરપાલિકા
લીગલ શાખા,
રાજકોટ.
તા. 25/08/2023

પરિપત્ર:

વિષય: ઇ.પી.એફ. તથા ઇ.એસ.આઇ.સી. બાબતેનો અભિપ્રાય.

સંદર્ભ: ૧) રા.મ.ન.પા./હિસાબી/જા.નં. ૧૨૦૯ તા. ૧૦/૮/૨૦૨૩

૨) રા.મ.ન.પા. ઇન્વર્ડ નં. ૮૧૨ તા. ૨૧/૦૮/૨૦૨૩

ઉપરોકત વિષય તથા સંદર્ભે અન્વયે જણાવવાનું કે, સંદર્ભ - ૧ અન્વયેના પત્રથી હિસાબી શાખા દ્વારા ઇ.પી.એફ. તથા ઇ.એસ.આઇ.સી. લાગુ પાડવા બાબતેનો અભિપ્રાય માંગવામાં આવેલ હતો જે અનુસંધાને પેનલના એડવોકેટશ્રી તરફથી સંદર્ભ - ૨થી અભિપ્રાય આવેલ છે. સદરહું અભિપ્રાય રાજકોટ મહાનગરપાલિકાની તમામ શાખાને તથા શાખા હસ્તકના કોન્ટ્રાકટરોને લાગુ પડતો હોય જેથી સંબંધિત તમામ શાખાને સદરહું અભિપ્રાય વંચાણે લેવા સુચિત કરવામાં આવે છે.

આ ઉપરાંત આપની શાખાના કર્મચારી તથા કોન્ટ્રાકટરશ્રીઓની ઇ.એસ.આઇ.સી. અન્વયેની માહિતી આપવાની બાકી હોય તે તમામે દિન - ૦૨માં પેનલના એડવોકેટશ્રીને માહિતી પહોંચતી કરે અને તેની જાણ લીગલ શાખાને કરે અન્યથા તેમાંથી ઉત્પન્ન થતી તમામ જવાબદારી માટે વ્યકિતગત રીતે જવાબદાર ઠેરવવામાં આવશે.

સદરહું પરિપત્રનો તાત્કાલિક અસરથી યુસ્તપણે પાલન કરવું.

નાયબ કમિશનરશ્રી
રાજકોટ મહાનગરપાલિકા

બિડાણ: સંદર્ભ અન્વયેના પત્રો

નકલ સવિનય રવાના:

- નાયબ કમિશનરશ્રી ( વે. ઝોન, ઇ. ઝોન )
- તમામ શાખાધિકારીશ્રીઓ ( અમલ સારૂ )

રાજકોટ મહાનગરપાલિકા
એન્જીનીયરીંગ વિભાગ
ઈનવર્ડ નં. 2916
તારીખ 28/8/23

c-57

# Shraddha Associates

Corrosp. Add.:
502, Accurate Square, Tagore Road,
Nr. Atul Motors, Above Cycle Zone, Rajkot.
Ph. O. 2463380, 93767 68952 E-Mail : dodiaparag@yahoo.in

LABOUR LAW CONSULTANT

Prop. : Parag J. Dodi
(Advocate & Labour Law Adviso
Address : 2-Nalanda Bunglow
6-Pragati Society, Raiya Road, Rajkot-

Ref.

Date :
-०८-२०२३.

પ્રતિ,
લેબર ઓફીસરશ્રી,
રાજકોટ મહાનગરપાલીકા,
રા જ કો ટ.

વિષય :- ઈપીએફ તથા ઈએસઆઈસી લાગુ પડવા રામનપા/હીસાબી/જા.ન.૧૨૦૯ બાબતે અભિપ્રાય.
રેફ. :- રા.મ.ન.પા./લીગલ/જા.નં. ૧૦૯૦, તારીખ ૧૦/૦૮/૨૦૨૩.

મે. સાહેબશ્રી,

સવિનય સાથ જણાવવાનું કે, ઉપરોકત વિષય અને રેફરન્સથી આપના તરફથી અભિપ્રાય માંગવામાં આવેલ. જેની સાથે મોકલેલ ફોર્મેટ મુજબ વિગતવાર રીમાર્કસ આપેલ છે.
રાજકોટ મહાનગરપાલીકાનાં શાખા અધિકારીએ બીલ બનાવતી વખતે બીલ બનાવતી વખતે નીચે મુજબનાં ડોકયુમેન્ટસ ચેક કરી બીલ સાથે સામેલ કરવા જરૂરી છે.

દર મહીને લેવાનાં ડોકયુમેન્ટ.

૧. પગારપત્રક (જેમાં દરેક કર્મચારી તથા કોન્ટ્રાકટરની સહી/સિકકો અને જે તે શાખા અધિકારીની સહી/સિકકો)
૨. હાજરી પત્રક.
૩. પી. એફ. ચલણ.
૪. પી.એફ. ઈ.સી.આર.
૫. ઈ.એસ.આઈ.સી. પેઈડ ચલણ.
૬. ઈ.એસ.આઈ.સી. લાગુ ન પડતો હોય તેવા કર્મચારી (રૂા.૨૧૦૦૦/- થી વધુ પગારવાળા) ની WC પોલીસી.
૭. પી.ટી. નાં ચલણ. ( જે કર્મચારીનો પગાર રૂા.૧૨૦૦૦/- કે તેથી વધુ થતો હોય તેનાં. )

વાર્ષિક લેવાનાં ડોકયુમેન્ટ.

૧. જો ૫૦ કે તેથી વધુ માણસો કોન્ટ્રાકટરમાં કામ કરતા હોય તો લેબર લાઈસન્સ.
૨. લેબર વાર્ષિક પત્રક.
૩. બોનસ પત્રક.
૪. જે તે ડીપાર્ટમેન્ટને લાગુ પડતા સરકારશ્રીનાં લાયસન્સની નકલ ( ફુડ , ઈલેકટ્રીસીટી વગેરે )

દરેક શાખા હસ્તકનાં કોન્ટ્રાકટર / એજન્સી ઉપરોકત સંદર્ભ અન્વયે પાલન કરાવવાની જવાબદારી મુખ્ય માલીક તરીકે જે તે શાખાનાં શાખા અધિકારીની ઠરાવી શકાય.

સહકારની અપેક્ષા સહ.

આપનો વિશ્વાસુ,

બિડાણ :- ઉપર મુજબ.

SHRADDHA ASSOCIATES

PROPRIETOR

લીગલ ઈન્વર્ડ નં. 812
સરકારી ઈન્વર્ડ નં. -
25/08/23

# EPF તથા ESI લાગુ પડે છે કે કેમ ?

| ક્રમ | વારંવાર ઉદભવતા પ્રશ્નો. | લાગુ પડે છે કે કેમ ? | |
|---|---|---|---|
| | | EPF | ESI |
| 1 | કોમ્પ્યુટર ખરીદી કરી અને રાજકોટ મહાનગરપાલીકાની જગ્યામાં ઈન્સ્ટોલેશન કરવાનું થાય તો લાગુ પડે કે કેમ ? | ના | હા |
| 2 | રાજકોટ મહાનગરપાલીકાની જગ્યાનું સંચાલન કરતા કોન્ટ્રાકટર, વેન્ડર , ટ્રસ્ટ ને લાગુ પડે કે કેમ ? (જેમ કે સ્પોર્ટ સંકુલ, ગાર્ડન, પાર્કીંગ વગેરેનું સંચાલન કોન્ટ્રકટર, ટ્રસ્ટ સંસ્થા વગેરે ધ્વારા કરવામાં આવે ) | હા | હા |
| 3 | રસ્તા કામ, ડ્રેનેજ કામ, પાણી વિતરણની કામગીરી સાથે સંકળાયેલા કોન્ટ્રાકટરોને લાગુ પડે કે કેમ ? | હા | હા |
| 4 | જનરલ બોર્ડનાં માઈક સંચાલનનાં કોન્ટ્રાકટમાં લાગુ પડે કે કેમ ? | હા | હા |
| 5 | રાજકોટ મહાનગરપાલીકાનાં ગ્રાઉન્ડ સંચાલન કરતા કોન્ટ્રાકટરોને લાગુ પડે કે કેમ ? | હા | હા |
| 6 | આઉટ સોર્સીંગ સ્ટાફનાં કીસ્સામાં વેન્ડરને લાગુ પડે કે કેમ ? | હા | હા |
| 7 | રાજકોટ મહાનગરપાલીકાનાં રેનબસેરાનું સંચાલન કરતા કોન્ટ્રાકટરોને લાગુ પડે કે કેમ ? | હા | હા |
| 8 | રાજકોટ મહાનગરપાલીકાની જગ્યામાં ઈવેન્ટમેનેજમેન્ટ કરવામાં આવે ત્યારે ઈવેન્ટમેનેજમેન્ટ કંપનીને તથા ગાયક / આર્ટીસ્ટ / મ્યુઝીશીયનને લાગુ પડે છે કે કેમ ? | ના | ના |
| 9 | મશીન / વાહન ફકત પાર્ટસ ખરીદીનાં કિસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | ના | ના |
| 10 | મશીન / વાહન ફકત પાર્ટસ ખરીદી અને ફીટીંગ / રીપેરીંગ રાજકોટ મહાનગરપાલીકાની જગ્યામાં કરવામાં આવતુ હોય તેવા કિસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 11 | મશીન / વાહન ફકત પાર્ટસ ખરીદી અને ફીટીંગ / રીપેરીંગ રાજકોટ મહાનગરપાલીકાની જગ્યામાં કરવામાં આવતુ હોય તેવા કિસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | ના | ના |
| 12 | કોઈપણ ઈલેકટ્રીક વસ્તુની ખરીદી તથા તેનુ ઈસ્ટોલેશન જેમ કે કેમેરા લાઈટ ફીટીંગ, કોમ્પ્યુટર, પ્રીન્ટર વગેરે કીસ્સામાં લાગુપડે છે કે કેમ ? | ના | હા |
| 13 | મિત્ર મંડળ તથા સખી મંડળનાં કિસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 14 | ઓપરેશન અને મેઈન્ટેનન્સ સર્વિસીઝ કોન્ટ્રાકટનાં કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 15 | ટુર્સ / ટ્રાવેલ્સ ભાડે રાખવામાં આવેલ ડ્રાઈવર સહીત તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 16 | ઈલેકટ્રીક પોલ ફીટ કરવા શિફ્ટ કરવા અથવા નવા ઈન્સ્ટોલ કરવા વગેરે કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |

SHRADDHA ASSOCIATES RAJKOT

| EPF તથા ESI લાગુ પડે છે કે કેમ ? | | | |
|---|---|---|---|
| 17 | એર કુલર, એ.સી. , વોટર કુલર રીપેરીંગ વગેરે કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 18 | રાજકોટ મહાનગરપાલીકાનાં કરાર આધારીત કર્મચારીનાં કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 19 | રજીસ્ટ્રેશન સમયે કુલ પગાર ઈ.પી.એફ. / ઈ.એસ.આઈ.સી. નાં નિયમ મુજબનાં પગારમર્યાદા કરતા ઓછી હોય પરંતુ ત્યારબાદ પગાર ઈપીએફ, ઈએસઆઈસી નાં નિયમ મુજબ પગાર મર્યાદા કરતા વધે તો કયાં સુધી કપાત કરવી. (ફીકસમાંથી કાયમીનાં કીસ્સામાં / ફીકસ પગાર વધી જાય તેવા કીસ્સામાં ) | હા | ના |
| 20 | ફીકસ / કાયમી થાય તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 21 | વાલ્વ ઓપરેટર તથા પમ્પ ઓપરેટરનાં કીસ્સામાં લાગુ પડે છે કે કેમ? | હા | હા |
| 22 | લીગલ, પ્રોફેશનલ સર્વિસ રાજકોટ મહાનગરપાલીકાની જગ્યા પર આપવામાં આવે તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 23 | રાજકોટ મહાનગરપાલીકા ધ્વારા વિડીયોગ્રાફી / ફોટોગ્રાફી કરાવવામાં આવે તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 24 | રાજકોટ મહાનગરપાલીકાની જગ્યામાં ઝેરોક્ષ મશીન ચલાવે તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | ના | ના |
| 25 | ન્યુઝ પેપર અથવા કોઈપણ વસ્તુ કે જેની ખરીદી કરી હોય અને જે રાજકોટ મહાનગરપાલીકાના પ્રીમાઈસીસ સુધી પહોંચાડવાની જવાબદારી વેન્ડરની હોય તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | ના | ના |
| 26 | રાજકોટ શહેરમાં મોબાઈલ ડિસ્પેન્સરી ચલાવવા આપવામાં આવે તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 27 | ફકત એક વખત કામગીરી કરવાની હોય તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | ના | ના |
| 28 | હોર્ડીંગ બોર્ડ ચડાવવા તથા ઉતારવાની કામગીરીનો એજન્સીને કોન્ટ્રાકટ આપેલ હોય તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 29 | રાજકોટ મહાનગરપાલીકાની જગ્યામાં કાર્ટીઝ રીપેરીંગ તથા રીફીલીંગ તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |
| 30 | કેટરીંગ સર્વિસ અથવા હોટલમાંથી ફુડ પાર્સલ તેમજ કુરીયર સર્વિસ રાજકોટ મહાનગરપાલીકાને ડીલીવરી કરવામાં આવે તેવા કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | ના | ના |
| 31 | સોલાર પેનલ તથા રૂફ ટોપ સોલાર પેનલનાં રાજકોટ મહાનગરપાલીકાની જગ્યામાં ઈન્સ્ટોલેશન તથા મેઈન્ટેનન્સનાં કીસ્સામાં લાગુ પડે છે કે કેમ ? | હા | હા |

SHRADDHA ASSOCIATES RAJKOT